RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 40* Date: 06.12.2020 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### રસીનો ટ્રાયલ ડોઝ લેનાર મંત્રી અનિલ વિજ ૧૪ દિવસ બાદ કોરોના પોઝિટિવ

## કોરોના રસીનો ડોઝ લીધા બાદ હરિયાણાના સ્વાસ્થ્ય મંત્રી અસ્વસ્થ..!!



*ચંડીગઢ,તા.૫*

કોરોનાની વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલ માટે વોલેન્ટિયર બનનારા હરિયાણાના ગૃહમંત્રી અનિલ વિજ કોરોનાથી સંક્રમિત થયા છે. શનિવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. વિજે ટ્વીટ કરી આ જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, તે કોરોના પોઝિટિવ છે અને અંબાલા કેંટની એક સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. તેમણે કહ્યું કે, તેમના સંપર્કમાં આવેલા લોકો પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લે.

હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે વિજ સંક્રમિત થતા દુખ વ્યક્ત કર્યુ છે. તેમણે ટ્વીટ કરીને કહ્યુ, ગૃહમંત્રીજી, તમારા કોરોના સંક્રમિત થવાના સમાચાર મળ્યા. મને વિશ્વાસ છે કે તમે પોતાની દ્રઢશક્તિથી આ બીમારીને જલદી માત આપશો. ઈશ્વરને તમારા જલદી સાજા થવાની પ્રાર્થના કરુ છું.

મહત્વનું છે કે ૨૦ નવેમ્બરે વિજને કોરોનાની વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલમાં ડોઝ આપવામાં આવ્યો હતો. વિજે ખુદ કોરોના વેક્સિનની ટ્રાયલ માટે વોલેન્ટિયર બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ૨૦ નવેમ્બરે હરિયાણામાં કોવાક્સિનની ત્રીજા તબક્કાની ટ્રાયલ શરૂ થઈ હતી. આ દરમિયાન અનિલ વિજે રસી લગાવી હતી. વિજની સાથે ૨૦૦ વોલેન્ટિયર્સને કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. મહત્વનું છે કે ૨૮ દિવસ બાદ વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવશે. ભારત બાયોટેક કંપની આઈસીએમઆરની સાથે મળીને કોરોનાની વેક્સિન કોવાક્સિનનું નિર્માણ કરી રહી છે. પીજીઆઈ રોહતક દેશના તે ત્રણ સેન્ટરોમાંથી એક છે જ્યાં ત્રીજા તબક્કાની

### મંત્રીની સાથે ૨૦૦ વોલેન્ટિયર્સને કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો, કંપનીનો દાવો રસી ૯૦ ટકા અસરકારક થશે

ટ્રાયલમાં રસી લગાવવામાં આવી રહી છે. ત્રીજા તબક્કામાં ૨૦૦ વૉલિયન્ટર્સને કોરોનાની વેક્સીન આપવામાં આવશે. કંપનીએ દાવો કર્યો કે, આ રસી ૯૦ ટકા અસરકારક થશે.

દેશના ૨૦ રિસર્ચ સેન્ટર કોરોના વેક્સિનની ત્રીજી ટ્રાયલ કરવામાં આવી રહી છે. લગભગ ૨૬ હજાર લોકોને કોરોના વેક્સિન આપવામાં આવશે. આ સેન્ટરમાં પીજીઆઈએમએસ રોહતક પણ સામેલ છે. ભારત બાયોટેક ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ સાથે મળીને આ ટ્રાયલ કરી રહ્યા છે. પહેલા બે તબક્કામાં જે લોકોને કોરોનાની વેક્સિન આપવામાં આવી, તેમાં કોઈ આડ અસર જોવા મળી ન હતી. કોઈ પણ વોલેન્ટિયરના કોરોના સંક્રમિત થવાનો રિપોર્ટ પણ નથી.

### લોકસભા અધ્યક્ષે વડાપ્રધાનને નિમંત્રણ આપ્યું

## વડાપ્રધાન મોદી ૧૦ ડિસેમ્બરે નવા સંસદ ભવનનું ભૂમિ પૂજન કરશે

ન્યુ દિલ્હી,તા.૫

વડાપ્રધાન મોદી નવા સંસદ ભવનના નિર્માણ માટે ભૂમિ પૂજન ૧૦ ડિસેમ્બરના રોજ કરશે. વડાપ્રધાન મોદીને આ પ્રસંગ માટે નિમંત્રણ આપવા માટે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા આજે બપોરે વડાપ્રધાન નિવાસ સ્થાને પહોંચ્યા હતા.

હાલનુ સંસદ ભવન બહુ જુનુ છે અને નાનુ પણ પડી રહ્યુ છે.એટલે નવા સંસદ પરિસરની જરુરિયાત હોવાનુ કારણ કેન્દ્ર સરકાર આપી રહી છે.ભૂમિ પૂજનના કાર્યક્રમમાં વિપક્ષના કેટલાક નેતાઓને પણ આમંત્રણ આપવામાં આવનાર છે.આ સંસદ ભવન ત્રીકોણ આકારનુ હશે અને કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો એક ભાગ હશે.આ પ્રોજેક્ટમાં સંસદ ભવન બનાવવાની સાથે સાથે રાષ્ટ્રપતિ ભવન થી ઈન્ડિયા ગેટ સુધીના ત્રણ કિલોમીટર લાંબા રાજપથની બંને તરફ આવેલા વર્તમાન કાર્યાલયો અને નિવાસ સ્થાનોને હટાવીને સંયુક્ત કેન્દ્રીય સચિવાલય અને બીજી ઈમારતોનુ બાંધકામ કરવામાં આવશે.

નવા સંસદ ભવનનુ નિર્માણ ૮૫૦ કરોડ રુપિયાના ખર્ચે થશે..હાલમાં જ્યાં સંસદ ભવન પરિસર છે ત્યાં જ સંસદની નવી ઈમારતનુ પણ નિર્માણ થશે.૨૦૨૨ સુધીમાં તેનુ બાંધકામ પુરુ કરાવની યોજના છે.આ જ વર્ષે દેશ આઝાદીના ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરવાનો છે ત્યારે સરકાર કદાચ નવા સંસદ ભવનમાં બેસીને તેની ઉજવણી કરશે.

સંસદની નવી ઈમારત ૬૫૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલી હશે.ત્રાછણ માળની ઈમારતની ડિઝાઈન એવી હશે કે આકાશમાંથી જોતા તે ત્રણ રંગની કિરણો જેવી દેખાય.સંસદની નવી ઈમારતમાં ૯૦૦ બેઠકો હશે.જેથી ભવિષ્યમાં સંસદ સભ્યોની સખ્યા વધે તો વાંધો



ના આવે.

નવી ઈમારતમાં એક બંધારણીય હોલ પણ હશે.જેમાં ભારતની લોકશાહીના ઈતિહાસને રજૂ કરાશે.સંસદ સભ્યો માટે લોન્જ, પુસ્તકાલય, વિવિધ સમિતિઓ માટેના રુમ, કેન્ટીન, વાહન પાર્કિંગ જેવી સુવિધાઓ પણ હશે.નવી સંસદની ડિઝાઈન અમદાવાદના ગુજરાતી આર્કિટેક્ટે તૈયાર કરી છે.

હાલના સંસદ ભવનનુ નિર્માણ ૧૯૨૧માં શરુ થયુ હતુ અને તે વખતે તેની પાછળ ૮૩ લાખ રુપિયાનો ખર્ચ થયો હતો.

### દેશમાં અત્યાર સુધી ૧૪ કરોડથી વધુ કોરોના ટેસ્ટ કરાયા

## કોરોનાના કુલ કેસ ૯૬,૦૦,૦૦૦ને પાર: મૃત્યુઆંક ૧.૩૯ લાખે પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૫

દેશમાં કોરોનાની સ્થિતિમાં ધીરે-ધીરે સુધાર થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩૬ હજાર નવા કેસ સામે આવ્યા છે. આમ દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૯૬ લાખને પાર પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના તાજા આંકડા પ્રમાણે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬,૬૫૨ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૫૧૨ લોકોના મૃત્યુ થયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે દેશમાં અત્યાર સુધી કોરોનાના ૯૬ લાખ ૮ હજાર ૨૧૧ કેસ સામે આવી ચુક્યા છે. દેશમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ભારતમાં અત્યાર સુધી કોરોનાને ૯૦ લાખ ૫૮ હજાર ૮૨૨ લોકો માત આપી ચુક્યા છે. દેશમાં કોરોના કેસની સક્રિયતામાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાના હાલ ૪ લાખ ૯ હજાર ૬૮૯ એક્ટિવ કેસ છે. ભારતમાં કોરોનાથી અત્યાર સુધી ૧ લાખ ૩૯ હજાર ૭૦૦ લોકોના મૃત્યુ થયા છે.

દેશમાં કોરોનાના રિકવરી રેટમાં સતત સુધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાથી ૪૨,૫૩૩ લોકો સાજા થયા છે. તેનાથી રિકવરી રેટ ૯૪.૨૮ ટકા થઈ ગયો છે. ભારતમાં કોરોનાના એક્ટિવ કેસ ઘટી રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૬૩૯૩ એક્ટિવ કેસ ઓછા થયા છે. તેનાથી એક્ટિવ કેસનો દર ૪.૨૬ ટકા થઈ ગયો છે. ભારતમાં કોરોનાથી મૃત્યુદર ૧.૪૫ ટકા છે.

દેશમાં કોરોનાની તપાસનો આંકડો પણ વધ્યો છે. દેશમાં અત્યાર સુધી ૧૪ કરોડથી વધુ સેમ્પલોની તપાસ થઈ ચુકી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ તરફથી જારી આંકડા પ્રમાણે દેશમાં શુક્રવાર (૪ ડિસેમ્બર) સુધી ૧૪,૫૮,૮૫,૫૧૨ સેમ્પલોની તપાસ થઈ ચુકી છે, જેમાંથી ૧૧,૫૭,૭૬૩ ટેસ્ટ કાલે થયા છે.

## એર ઈન્ડિયાને બચાવવા તેના કર્મચારીઓ જ મેદાનમાં, એરલાઈન્સમાં ભાગ ખરીદશે

ન્યુ દિલ્હી,તા.૫

૬૯ હજાર કરોડ રૂપિયાથી વધુ દેવામાં ફસાયેલી સરકારી ઉડ્ડયન કંપની એર ઈન્ડિયાને તારણહાર મળી જવાની આશા જાગી છે. રસપ્રદ રીતે વરિષ્ઠ કર્મચારીઓનું એક ગ્રુપ પોતાની જ કંપનીને ખરીદવા આગળ આવ્યું છે. આ કર્મચારી પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ સાથે સરકારી બોલીમાં હિસ્સો લેવાની તૈયારી કરી રહ્યા છે. વાત બની જશે તો દેશના કોર્પોરેટ ઈતિહાસનો આ પ્રથમ મામલો હશે, જ્યારે કોઈ સરકારી કંપનીને કર્મચારીઓ ખરીદશે.




કંપનીના તારણહાર બનવા જઈ રહેલા વરિષ્ઠ અધિકારીઓમાંથી એકે કહ્યું હતું કે દિવાળી પછી એર ઈન્ડિયાના હેડક્વાર્ટરમાં ૪-૫ સાથી બેઠેલા હતા. બધા એર ઈન્ડિયામાં ૩૦-૩૨ વર્ષથી નોકરી કરી રહ્યા છે. ચર્ચા થવા લાગી કે આ વખતે તો દિવાળી મનાવી રહ્યા છીએ. આગામી દિવાળીએ એર ઈન્ડિયાની શું સ્થિતિ હશે? કર્મચારીઓનું શું થશે? કંઈ જ ખબર નથી. જોઈનિંગના પહેલા દિવસનો અનુભવ બતાવતાં બતાવતાં બધા ભાવુક થવા લાગ્યા. ત્યારે એક અધિકારીએ કહ્યું, જે એરલાઈન્સમાં આખું જીવન વીતી ગયું, કદાચ એને આપણે ખરીદી શક્યા હોત! એ બાબત પર એક અધિકારીએ કહ્યું, આટલી ભારે-ભરખમ રકમ આપણે ક્યાંથી લાવીશું? ત્યારે આઈડિયા આવ્યો કે કોઈ ફાઈનાન્સર શોધી કર્મચારીઓ જ ભાગીદારીથી કેમ ન ખરીદી શકે? આ વિચાર પર બધા ગંભીર થઈ ગયા. અધિકારી જણાવે છે કે અમારા વિચારોને જાણે પાંખો લાગી ગઈ. અમે ફાઈનાન્સર શોધવાની શરૂઆત કરી દીધી અને એક નામ પર સંમતિ સધાઈ. પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ અમારા પ્રસ્તાવ અંગે તૈયાર થઈ. એ પછી એર ઈન્ડિયાના એ અધિકારી અને કર્મચારીઓની પસંદગી કરાઈ, જેમની નોકરીને ૩૦થી ૩૨ વર્ષ થઈ ચૂક્યાં છે. એની પાછળનો તર્ક એ હતો કે જૂના કર્મચારીઓનું કંપની સાથે ભાવનાત્મક જોડાણ રહેશે. તે સંપૂર્ણપણે આ અભિયાનને ટેકો આપશે. આ અભિયાનથી ૨૦૦થી વધુ કર્મચારી જોડાઇ ચૂક્યા છે. હાલ ૧-૧ લાખ રૂપિયા એકઠા કરાઇ રહ્યા છે. એર ઈન્ડિયામાં કુલ ૧૪ હજાર કર્મચારી છે. અભિયાન સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે કંપનીમાં આજે પણ સંભાવનાઓ છે. બધું ઠીક રહેશે તો બે વર્ષમાં કંપની ટ્રેક પર આવી શકે છે.

## વિદેશી હુંડિયામણમાં ૪૭ કરોડ ડૉલર્સનો ઘટાડો થયો: રિઝર્વ બેંકે કરી સાપ્તાહિક જાહેરાત

મુંબઇ,તા.૫

દેશના વિદેશી હુંડિયામણ ભંડારમાં આશરે ૪૭ કરોડ ડૉલર્સનો ઘટાડો થયો હોવાનું રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ જણાવ્યું હતું.

૨૭ નવેંબરે જાહેર થયેલા સાપ્તાહિક રિપોર્ટમાં રિઝર્વ બેંકે આ માહિતી આપી હતી. એની પહેલાંના સપ્તાહે એટલે કે ૨૦ નવેંબરે જાહેર થયેલા રિપોર્ટ મુજબ વિદેશી હુંડિયામણ ભંડારમાં બે અબજ ડૉલર્સનો વધારો થયો હતો અને કુલ ભંડાર ૫૭૫. ૨૯ અબજ ડૉલર્સનો થયો હતો. રિઝર્વ બેંકના આંકડા મુજબ એફસીએ ૩૫.૨ કરોડ ડૉલર્સ વધીને ૫૩૩.૪૫૫ અબજ ડૉલર્સ થઇ હતી. આમ તો એફસીએમાં યુરો પાઉન્ડ યેન વગેરેનો સમાવેશ થતો હોય છે પરંતુ એ ડૉલર્સમાં જ જાહેર થતી રહી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૫૧૪**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૧૭૩૩૩**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૧૫**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૧૫૩૫**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૧૯૮૬૨૭**

### વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને આશા વ્યક્ત કરી

## ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટર સુધી ૫૦ કરોડ લોકોને વેક્સિનના ડોઝ આપવામાં આવશે

### પ્રથમ તબક્કામાં હેલ્થવર્કર્સ બાદ ફ્રંટ લાઈન પર કામ કરનાર લોકોને આ વેક્સિન ઉપલબ્ધ કરાવવામાં આવશે

જિનિવા,તા.૫

કોરોના મહામારીના પ્રકોપ વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના આ સમાચાર તમને રાહત આપી શકે છે. ડબલ્યુએચઓએ આશા વ્યક્ત કરી છે કે ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટર સુધી ૫૦ કરોડ લોકોને વેક્સિનના ડોઝ આપવામાં આવશે. સંગઠને શુક્રવારે વેક્સિન વિતરણના રોડમેપ જારી કરતા કહ્યુ કે, કોવેક્સ કાર્યક્રમમાં સામેલ ૧૮૯ દેશોમાં રસીના સમાન વિતરણને નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યુ કે, વેક્સિન વિતરણના પ્રારંભિક તબક્કામાં વધુ જોખમ વાળા ક્ષેત્રને પ્રાથમિકતા આપવામાં આવી છે. પ્રથમ તબક્કામાં હેલ્થવર્કર્સ બાદ ફ્રંટ લાઈન પર કામ કરનાર લોકોને આ વેક્સિન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ બંન્ને ગ્રુપને વેક્સિન આપ્યા બાદ સીનિયર સીટિઝનને નક્કી કરવામાં આવશે. ડબ્લ્યૂએચઓનું કહેવું છે કે પ્રથમ તબક્કામાં વિશ્વના આશરે ૨૦ ટકા લોકોને વેક્સિનના ડોઝ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય છે.

ડબલ્યુએચઓના મુખ્ય વૈજ્ઞાનિક ડો. સૌમ્યા સ્વામીનાથનનું કહેવું છે કે કોરોના વાયરસના હાઈ ઝોનમાં રહેતા ૨૦ ટકા લોકો પર તેમની પ્રથમ નજર છે. તેમાં સ્વાસ્થ્ય કર્મી અને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો સામેલ છે. મહત્વનું છે કે દુનિયામાં કોરોના મહામારીના ઉપચારમાં લાગેલા લાખો કર્મચારી પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. બીજુ કોરોના વાયરસથી વધુ મૃત્યુ વૃદ્ધ લોકોના થઈ રહ્યાં છે. ખાસ કરીને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો પર કોરોના વાયરસનો વધુ પ્રકોપ રહ્યો છે. તેનું મોટું કારણ તેની નબળી ઈમ્યુન સિસ્ટમ છે.

વૈજ્ઞાનિકે કહ્યું કે, ૨૦૨૧ના અંત સુધી આશરે બે અબજ લોકોને કોરોના વેક્સિનના ડોઝ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખ્યું છે. તેમણે કહ્યું કે, આ ડોઝ કોરોના મહામારીના પ્રસારને રોકવામાં પર્યાપ્ત હશે. તેમણે કહ્યું કે, ૨૦૨૧ના અંત સુધીમાં મહામારી પર કાબુ મેળવી લેવાશે. તેનાથી મોતના આંકડામાં પણ ઘટાડો થશે.

## તંત્રી સ્થાનેથી...

### મફત કોરોના રસીનો વાયદો સરકાર ભૂલી....!!

### ખેડૂત આંદોલન ઉગ્ર બનશે કે શું.....?

વિશ્વભરમા કોરોના સંક્રમિતોની સંખ્યા ૬,૫૮,૬૨,૪૨૭ અને મૃત્યુ સંખ્યા ૧૫,૧૮,૦૯૬ પર પહોંચી ગઇ છે. જ્યારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬,૬૫૨ નવા કેસ નોંધાયા છે, અને ૫૧૨ દર્દીના મૃત્યુ થયા છે દેશમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૯૬,૦૮,૨૧૨ અને કુલ મૃતાક ૧,૩૯,૭૦૦ પર પહોંચી ગયો છે. અત્યારના સમયમાં ૪,૦૯,૬૮૯ કોરોના સંક્રમિત લોકોની સારવાર ચાલી રહી છે. ત્યારે તાજેતરમાં દેશમાં કોરોના નાથવા માટે જ્યાં કોરોના મારક રસીનું સંશોધન થયું છે અને હવે ઉત્પાદન થવા પર છે તે ત્રણ કંપનીઓની વડાપ્રધાનશ્રીએ મુલાકાત લીધા બાદ સર્વપક્ષીય બેઠકમા મોદીજીએ કહ્યું હતું કે હવે કોરોના રસી માટે વધુ રાહ જોવી નહીં પડે, થોડા સપ્તાહમાં જ રસી આવી જશે. ઉપલબ્ધ થનાર રસીની કિંમતો નક્કી થશે જે રસીની કિંમત દરેક લોકોને પરવડી શકે તેની હશે..... રસીકરણ માટે બહુ સરસ વ્યવસ્થા કરવામાં આવી છે, તેમજ રસીની કિંમત બાબતે રાજ્યો સાથે વાત ચાલુ છે. આ રસી ઉપલબ્ધ થતાં હેલ્થ વર્કરો,ફ્રન્ટલાઈન વોરીયર્સ અને વૃદ્ધોને રસી આપવામાં પ્રાથમિકતા અપાશે....મતલબ ટૂંકમાં સરકાર કોરોના રસી વિના મૂલ્યે નહી આપે તેવો અણસાર વડાપ્રધાનશ્રીએ એમ કહીને આપી દીધો છે કે દરેક લોકોને પરવડી શકે તેવી કિંમતમાં કોરોના રસી ઉપલબ્ધ થશે. ત્યારે આમ પ્રજામાં સવાલી ચર્ચામાં કેન્દ્ર સરકારે અગાઉ દરેકને રસી આપવાની વાત કરી હતી... બાદમાં બિહાર ચૂંટણીમાં નાણામંત્રીએ મોદીજીના નામથી દેશમાં દરેકને રસી આપવામાં આવશે તેવી વાત કરી હતી. તો શું કોરોના રસી ચૂંટણી ઝુમ્મરો હતો....? કે પછી આ વાત મોદીજી ભૂલી ગયા.....? બીજી તરફ અમેરિકા, બ્રિટન, યુરોપના દેશોમાં મોડર્ના કંપનીએ પોતાની રસી તથા ફાઈઝર રસીને મંજૂરી આપી છે અને આવી પણ ગઈ છે જેમાં ફાયઝર રસી આપવાનું શરૂ કર્યું છે ત્યારે અમેરિકાના રાષ્ટ્રપતિએ ગરીબ દેશોને ભુલી ના જવાય તે બાબતે કોરોના રસી ઉત્પાદકોને ધ્યાન રાખવા સૂચના આપી છે....!

દેશમાં નવા કૃષિ કાયદાના વિરોધમાં અન્ય રાજ્યોમાં વધવા લાગ્યું છે. જ્યારે કે સરકારો દ્વારા અનેક અડચણો છતાં પંજાબ, હરિયાણા, યુપી, એમપી, રાજસ્થાનના ખેડૂતોના દિલ્હી ખેડૂત કૂચમાં જોડાયા બાદ દિલ્હી રાજ્યની બોર્ડરો પર જમાવડો કરી દીધો છે. સરકાર સાથે ખેડૂત પ્રતિનિધિઓની ચાર બેઠકો થઈ પરંતુ કોઈ પરિણામ આવ્યું નહીં.... ત્યારે શનિવારે પુનઃ ખેડૂત આગેવાનો સાથે બેઠક મળવાની છે તે પહેલા સરકાર કાયદો પરત ખેંચવા તૈયાર નથી તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.... તો ખેડૂતોની મળેલી બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે કે નવો કૃષિ કાનુન પરત નહી ખેંચવામાં આવે તો આગામી ૮ મી ડિસેમ્બરનુ હડતાલનું એલાન આપવામાં આવશે. ખેડૂતોની મળેલી મહાબેઠકમાં કેન્દ્રીય કૃષિમંત્રી તોમરે ખેડૂતો સાથેની વાટાઘાટો બેઠકમાં ખેડૂત આગેવાનો વચ્ચે કહ્યું હતું કે "સરકારી મંડીઓને વધુ મજબૂત કરાશે અને ખાનગી મંડીઓ પણ આવશે, તથા એમએસપીમાં કોઈ ફેરફાર નહીં થાય" તે બાબતે ચર્ચા થઈ હતી અને એવું તારણ નીકળ્યું હતું કે સરકાર કૃષિ કાનુન પરત ખેંચવા તૈયાર નહીં થાય. જે કારણે તા.૮ મીએ દેશભરમાં હડતાલનું એલાન આપવાનું નક્કી કરેલ, તેમજ કેટલાક રાજ્યોમાં મોદીજી, રિલાયન્સના મુકેશ અંબાણી, અદાણી વગેરેનાં પૂતળાનું દહન કરવા તથા તારીખ ૭ થી ૧૫ સુધી વિરોધ પ્રદર્શન યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. હાલ દિલ્હી ખેડૂત કૂચનો દસમો દિવસ છે અને આ કૂચમાં દિલ્હી, પંજાબ, હરિયાણા, યુપી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, કર્ણાટક,આંધ્ર રાજ્યના ખેડૂતો જોડાયેલા છે જ્યારે તારીખ ૮મી ટ્રાન્સપોર્ટ એસોસિએશને ખેડૂતોના ટેકામા દેશભરમાં ટ્રાન્સપોર્ટ હડતાળનું એલાન આપ્યું છે,જ્યારે અગાઉ સુપ્રિમ કોર્ટના બાર એસોસિએશને ખેડૂત આદોલનને સમર્થન જાહેર કરેલ છે. ત્યારે ૮ મળીએ પડનાર હડતાલથી જીવનજરૂરી ચીજવસ્તુઓને મોટી અસર થવાની સંભાવના છે તો દેશના અનેક રાજ્યોને પણ મોટો આર્થિક ફટકો પડી શકે છે....ત્યારે આમ પ્રજા સરકાર ખેડૂતોની માંગ સ્વિકારી લઈને જૂની પ્રથા ચાલુ રાખે તેવું ઇચ્છી રહી છે......! છતાંય... સરકારની ઇચ્છા પર બધો આધાર છે.....!

## મુખ્યમંત્રીશ્રી, ગુહમંત્રીશ્રીને ઉતરપ્રદેશની જેમ લવ જેહાદ વિરૂધ્ધ કડક કાયદો બનાવવા રજૂઆત કરાઈ



યુવા અગ્રણી મિતલ ખેતાણી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, ગુહમંત્રીશ્રી, ભાજપ અધ્યક્ષશ્રીને ગુજરાતમાં લવ જેહાદ અટકાવવા તથા તેના વિરૂધ્ધ કડક કાયદો બનાવવા રજૂઆત કરાઈ છે. આ રજૂઆતમાં લવ જેહાદ અને તેનાથી થતા ધર્મ પરીવર્તનને અટકાવવાની માંગ કરાઈ છે.લવ જેહાદ વિરૂધ્ધ કડક કાયદો આવવાથી સમાજ અને ખાસ કરીને મહિલાઓને રક્ષણ મળશે અને સમાજની વ્યવસ્થા જળવાઈ રહેશે. જેમ ઉતરપ્રદેશ સરકારે લવ જેહાદ અને ધર્મ પરીવર્તન વિરૂધ્ધ કાયદો અમલમાં લાવીને સમાજને તથા મહિલાઓને રક્ષણ આપ્યું છે.

તે જ રીતે ગુજરાત રાજયમાં લવ જેહાદ અને તેના લીધે થતા ધર્મ પરીવર્તનને અટકાવવા કડક કાયદો લાવવાની માંગ મિતલ ખેતાણીએ કરેલ છે. ઉલ્લેખનીય છે કે હિન્દુ સંગઠનો, ભરૂચનાં સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ વસાવા, ડભોઈનાં ધારાસભ્ય શૈલેષ સોટ્ટા સહિતનાંઓએ પણ ગુજરાતમાં લવ જેહાદ વિરોધી કડક કાયદાની માંગ કરી છે.

મિતલ ખેતાણી

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૯૦૨ અને ચાંદીમાં રૂ. ૨,૮૦૯નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૨૭ નવેમ્બરથી ૩ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં ઉછાળો જોવા મળ્યો, જ્યારે બિનલોહ ધાતુઓમાં મિશ્ર વધઘટ વાયદાના ભાવમાં રહી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું બંધ થયું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, મેન્થા તેલાં નરમાઈના માહોલ સામે સીપીઓમાં સુધારાનો સંચાર થયો હતો.

દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો ડિસેમ્બર વાયદો ૧૪,૯૧૦ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૨૯૦ અને નીચામાં ૧૪,૫૩૬ના સ્તરને સ્પર્શી સપ્તાહ દરમિયાન ૭૫૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૨૮૪ પોઈન્ટ વધી ૧૫,૨૧૩ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૩૧૮ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૩,૬૮૯ અને નીચામાં ૧૩,૨૫૦ બોલાઈ, સપ્તાહ દરમિયાન ૪૩૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૧૦૫ પોઈન્ટ વધીને ૧૩,૪૦૭ના સ્તરે બંધ થયો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૫૦૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૯૩૬ અને નીચામાં રૂ.૪૭,૫૫૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૯૦૨ના ઉછાળા સાથે રૂ.૪૯,૪૧૯ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૯,૦૯૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૪૮ના ઉછાળા સાથે રૂ.૩૯,૪૯૦ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૯૦૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૪ વધી બંધમાં રૂ.૪,૯૪૧ના ભાવ થયા હતા.

સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૫૮૭ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૯,૩૩૪ અને નીચામાં રૂ.૪૭,૫૨૬ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૪૬૪ વધી બંધમાં રૂ.૪૯,૦૬૧ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૫૯,૫૦૭ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૩,૦૪૦ અને નીચામાં રૂ.૫૭,૮૦૦ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૨,૮૦૯ના ઉછાળા સાથે રૂ.૬૨,૬૮૨ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૧,૩૫૧ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૯૬૫ વધી રૂ.૬૩,૬૧૧ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૧,૪૪૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૯૫૯ વધી બંધમાં રૂ.૬૩,૬૦૨ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૫૬૭.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૦.૮૫ વધી રૂ.૫૯૦.૭૦ બંધ થયો હતો, જ્યારે નિકલનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧,૨૨૩ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૧.૮૦ ઘટી બંધમાં રૂ.૧,૧૯૯.૯૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૩.૨૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧.૯૦ વધી રૂ.૧૬૪.૮૫ના સ્તરે રહ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો રૂ.૧૫૯.૧૦ ખૂલી, સપ્તાહના અંતે ૪૦ પૈસા ઘટી રૂ.૧૫૮.૩૫ અને જસતનો ડિસેમ્બર વાયદો રૂ.૨૧૮.૪૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૦૫ વધી રૂ.૨૧૪.૫૫ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૩૨૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૩૯૮ અને નીચામાં રૂ.૩,૨૪૪ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૬૧ વધી બંધમાં રૂ.૩,૩૮૫ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો ડિસેમ્બર વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૬.૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૦.૧૦ ઘટી રૂ.૧૮૬.૬૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૯૧ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૭ ઘટી રૂ.૧,૧૭૫.૫૦ના સ્તરે બંધ થયો હતો, રૂ (કોટન)નો ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૯,૯૦૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮૦ ઘટી રૂ.૧૯,૮૪૦ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)નો ડિસેમ્બર વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૮૫૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૩.૮૦ વધી રૂ.૮૮૦.૭૦ના ભાવે બંધ થયો હતો, જ્યારે મેન્થા તેલનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૫૩ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫.૪૦ ઘટી રૂ.૯૪૬.૮૦ના ભાવે બંધ થયો હતો.

# રાજ્યમાં જાન્યુઆરીના અંત સુધીમાં જાહેર થશે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ

ગાંધીનગર,તા.૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી ગયા છે. રાજ્ય ચૂંટણી પંચ ૬ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૫૫ નગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાત જાન્યુઆરી માસના અંત સુધીમાં કરે તેવી શક્યતાઓ લાગી રહી છે. કોંગ્રેસ અને ભાજપ એમ બન્ને પક્ષોએ ચૂંટણીઓ માટેની કવાયત તેજ કરી છે. રાજયમાં પેટાચૂંટણી બાદ ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓનો પ્રારંભ કરી દીધો છે. રાજયમાં આગામી દિવસોમાં ૬ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૫૫ નગરપાલિકા માટેની ચૂંટણીઓ યોજાશે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોએ સ્થાનિક કક્ષાએ તૈયારીઓ માટે સૂચના આપી દીધી છે.

આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ૬ મહાનગરપાલિકાની ચૂંટણીઓ પણ થવાની છે. આ ૬ મહાનગરપાલિકાની મુદત આગામી ૧૩ ડિસેમ્બર સુધી પૂર્ણ થવાની છે. ભાજપ દ્વારા ૬ મહાનગરપાલિકા માટે કામગીરી કરાઈ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં વર્તમાન જનપ્રતિનિધિઓ પાસેથી ૫ વર્ષ ની કામગીરીનો રિપોર્ટ માંગવામાં આવ્યો છે. નવા સીમાંકન બાદ જાતિગત સમીકરણ આધારે વોર્ડની પરિસ્થિતિ પર વોર્ડ પ્રમુખો પાસે પણ રિપોર્ટ માંગવામાં આવ્યો છે.

આગામી સપ્તાહથી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ઉપર પણ બેઠકોના દોરનો પ્રારંભ થઈ જશે.

આમ પણ શહેરી મતદાર હંમેશા ભાજપ સાથે રહ્યો છે. પરંતુ વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં અમદાવાદ અને રાજકોટ જેવા શહેરોમાં કોંગ્રેસનો જનાધાર વધ્યો હતો. ત્યારે આ શહેરોમાં ચોક્સ રણનીતિ સાથે ભાજપ મેદાનમાં ઉતરે તેવું લાગી રહ્યું છે. રાજ્ય ચૂંટણી કમિશનરે પણ ૬ મહાનગરપાલિકાના કલેકટરને પત્ર લખી વર્તમાન પરિસ્થિતિ અંગે ચિતાર માગ્યો છે. ત્યારે એમ લાગી રહ્યું છે કે ચૂંટણી કમિશનર દ્વારા જાન્યુઆરીના અંત સુધીમાં નોટિફિકેશન જાહેર થાય એવી શક્યતા છે.

## સુરતમાં મહિલા પીએસઆઈએ કર્યો આપઘાત,કારણ અકબંધ

સુરત,તા.૫

સુરતમાં મહિલા પી.એસ.આઈએ પોતાની સર્વિસ રિવોલ્વરથી આપઘાત કરી લેતા ચકચાર મચી ગયો છે. મહિલા પી.એસ.આઈ એ.બી. જોશીએ પોતાના સરકારી આવાસમાં જ આપઘાત કર્યો છે. તેઓ ઉધના પોલીસ મથકમાં ફરજ બજાવતા હતા. મહિધરપુરા પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. મહિલા પી.એસ.આઈનાં આપઘાતનાં પગલે પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. ઉધના પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા પી.એસ.આઈ અનિતા જોશી ઈન્વેસ્ટીગેશન ચાર્મા પીએસઆઈ તરીકે ફરજ બજાવતા હતાં. તેઓ ફાલસાવાડી ખાતે આવેલા સરકારી ક્વાટર્સમાં રહેતા હતાં. પરિણીત અનિતા જોશીને એક બાળક પણ છે. આ આપઘાતમાં હજી કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. આ ઘટનાના પગલે મહિધરપુરા પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. પીએસઆઈ જોશીએ ક્યા કારણોસર આપઘાત કર્યો તેનું રહસ્ય ઘુટાયું છે. અહેવાલ લખાઈ રહ્યો છે ત્યાં સુધી કોઈ અંતિમ ચિઠ્ઠી મળી આવી હોવાના સમાચાર નથીપતિ સચિન પોલીસમાં ફરજ બજાવે છે.

મૃતક પીએસઆઈ જોશી મૂળ ભાવનગર જિલ્લાના રહેવાસી હતા અને સુરતમાં તેમનું પોસ્ટીંગ હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી મળી રહી છે. મહિલા પરિણીત હોવાના અહેવાલ છે. મહિલા પીએસઆઈના પતિ સચિન પોલીસ મથકમાં ફરજ બજાવે છે. સૂત્રોનું માનીએ તો ઘટના સ્થળેથી મહિલાની એક ડાયરી મળી આવી છે જેમાં એકાદ બે લાઈન લખી હોવાની ચર્ચા છે પરંતુ આ વાતને હજુ સુધી સત્તાવાર સમર્થન મળ્યું નથી.

## હાઈકોર્ટના જજ જી. આર. ઊંધવાણીનું કરોનાની સારવાર દરમિયાન નિધન

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં કોરોનાનો કહેર યથાવત છે ત્યારે બે દુખદ સમાચાર સામે આવ્યાં છે. ગુજરાત હાઈકોર્ટનાં સિનિયર જજ જી. આર. ઊંધવાણીનું કરોનાની સારવાર દરમિયાન નિધન થયું છે. છેલ્લા ૧૫ દિવસથી તેમને કોરોના ડિટેક્ટ થયો હતો. ગઈકાલે રાત્રે તેમની તબિયત વધારે લથડી પડી હતી અને આજે વહેલી સવારે અંતિમ શ્વાસ લીધા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત હાઈકોર્ટના સિનિયર જજ જીઆર ઊંધવાણીની કોરનાને લઈને સાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પરંતુ સારવાર દરમિયાન અચાનક તબિયત લથડતા તેમનું મોત નીપજ્યુ હતું. ઉલ્લેખનીય છે કે ૧૫ દિવસ પહેલા દિવાળીની રજાઓ દરમિયાન ગુજરાત હાઈકોર્ટના ત્રણ જજને કોરોનાનો ચેપ લાગ્યો હતો. જસ્ટિસ જી. આર. ઊંધવાણી, જસ્ટિસ એ.સી. રાવ અને જસ્ટિસ આર. એમ. સરીનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. અગાઉ પણ રજિસ્ટ્રીના સંખ્યાબંધ કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા હાઈકોર્ટને માઈક્રો કન્ટેઈમેન્ટ ઝોનમાં મૂકવામાં આવી હતી. અમદાવાદમાં સતત ૧૫ દિવસથી ૩૦૦ કરતા વધુ કેસ નોંધાયા છે. ગઈકાલે અમદાવાદ શહેરમાં ૨૯૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જિલ્લામાં ૩૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં કોરોના સંક્રમણ વધતા તંત્રની ચિંતા વધી છે. રાત્રી કર્ફ્યૂ છતાં સંક્રમણમાં ઘટાડો નથી થઈ રહ્યો.

### મોડાસાઃનાગરિક બેંકનો કર્મચારી કોરોનાગ્રસ્ત બન્યો છતાં

## બેંકનું કામકાજ રાબેતા મુજબ રહેતા આરોગ્ય વિભાગની નોટીસ બાદ બેંક ત્રણ દિવસ બંધ

અરવલ્લી બ્યુરો મોડાસા

બેંક કર્મચારી દરરોજ અનેક લોકોનાં સંપર્કમાં આવતો હોય છે. આથી જો પોતે કોરોના સંક્રમિત થાય તો અનેક લોકોને ચેપ લગાડી શકે છે મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે મોડાસા શહેર સહીત જીલ્લામાં આવેલી બેંકના કર્મચારીઓ સતત કોરોનાગ્રસ્ત બની રહ્યા છે

મોડાસાની નાગરીક સહકારી બેંકનો કર્મચારી કોરોનામાં સપડાતા બેંકના અન્ય કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે બેંકનો કર્મચારી કોરોના રેપીડ ટેસ્ટમાં પોઝેટીવ આવ્યો હોવા છતાં બેંકની કામગીરી રાબેતા મુજબ ચાલુ રહેતા અને નાગરિક બેંક વિસ્તારમાં કોરોના પોઝેટીવ દર્દી મળી આવતા આરોગ્ય વિભાગે નગરપાલિકા ચીફ ઓફિસરને પત્ર લખી નાગરિક બેંકકન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોવાથી તાત્કાલિક બંધ કરવામાં આવેની તાકીદ કરતા નાગરિક બેંકના સત્તાધીશોએ ત્રણ દિવસ બેંક બંધ રાખવાનો નિર્ણય કર્યો હતા મોડાસા શહેરની નાગરિક સહકારી બેંકની મુખ્ય બ્રાન્ચનો કર્મચારીનો કોરોના રેપીડ ટેસ્ટ પોઝેટીવ આવતા અને બેંક વિસ્તારમાં કોરોના સંક્રમણનો ભય હોવા છતાં બેંકનું કામકાજ ચાલુ રખાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું અને બેંક કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોવાથી બેંકને તાત્કાલીક ધોરણે બંધ કરાવવા મોડાસા અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસરે નગરપાલીકા ચીફ ઓફિસરને પત્ર લખતા બેંક સત્તાધીશો હરકતમાં આવ્યા હતા અને નગરપાલિકા તંત્ર બેક્ર બંધ કરાવે તે પહેલા બેંકના સત્તાધીશોએ ગ્રાહકોમાં કોરોના સંક્રમણ ન થાય તે માટે નાગરિક સહકારી બેંકની મુખ્ય શાખા ત્રણ દિવસ બંધ રાખવાનો નિર્ણય કરી બેંકનું કામકાજ સ્થગીત કરવામાં આવ્યું છે આરોગ્ય વિભાગે બેંક વિસ્તારમાં સર્વેની કામગીરી હાથધરી સેનેટાઇઝ કરવાની કામગીરી હાથધરી હતી

## વડોદરામાં પીપીઈ કીટ પહેરેલી હાલતમાં નર્સનો મૃતદેહ મળી આવતા ચકચાર

વડોદરા,તા.૫

અનેક વખત આત્મહત્યા અને હત્યાના બનાવ સામે આવતા રહે છે. ત્યારે વડોદરામાં ગોત્રી હોસ્પિટલની નર્સની હત્યાની ઘટના સામે આવી છે. વડોદરાનાં ન્યૂ વીઆઈપી રોડ પર રહેતા શિલ્પા પટેલ મૂળ મેન્ટલ હૉસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતા હતા. તેઓને હાલ ગોત્રી હૉસ્પિટલમાં કોવિડની ડ્યૂટી આપવામાં આવી હતી. જેથી તેઓ શુક્રવારે સાંજે પોતાના ટુ વ્હિલર પર ગોત્રી હોસ્પિટલ જઇ રહ્યાં હતા. તે દરમિયાન આજવારોડ ખાતે આવેલા વૈકુંઠ-૨ સોસાયટીનાં દરવાજા પાસેથી ૮.૩૦ કલાકે પીપીઈ કીટ પહેરેલી હાલતમાં નર્સની મૃતદેહ મળ્યો હતો. આ મહિલાનો અકસ્માત થયો કે હત્યા થઇ તે અંગે હાલ પોલીસ તપાસ કરી રહી છે.

શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી મેન્ટલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા શિલ્પા પટેલ આજવારોડ, કમલાનગર પાસે રહેતા હતા. થોડા દિવસથી તેમને ગોત્રી કોવિડ હૉસ્પિટલમાં ફરજ સોંપવામાં આવી હતી. શિલ્પાની શુક્રવારે નાઈટ શિફ્ટ હોવાથી તે પોતાના ટુ વ્હિલર પર ગોત્રી હોસ્પિટલ જવા માટે નીકળી હતી. જે બાદ ૮.૩૦ વાગ્યાની આસપાસ કોઈએ પોલીસને જાણ કરી હતી કે, વૈકુંઠ-૨ સોસાયટીના પાછળના દરવાજા પાસે એક મહિલાની લાશ પડી છે. પોલીસે આવીને તપાસ કરતા જાણ થઇ કે, આ લાશ નર્સ શિલ્પા પટેલની છે. જે બાદ તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. શિલ્પાના એક્ટિવાને કોઇ વાહનની ટક્કરથી નુકસાન થયુ હોવાનુ જણાઇ આવ્યુ નથી. બીજી તરફ શિલ્પાના શરીર ઉપર પણ અકસ્માતથી થાય તેવા ઈજાના નિશાન નથી પરંતુ તેના ચહેરા ઉપર ફટકા મારવામાં આવ્યા હોય તેવા નિશાન છે એટલે આ બનાવ હત્યાનો હોવાનું જણાઇ રહ્યુ છે. તેમજ આડા સંબંધની શંકાએ પતિએ હત્યા કરી હોવાનું ચર્ચાઇ રહ્યું છે. આ અંગે પોલીસે પૂછપરછ હાથ ધરી છે. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલમાં મોકલી આપી હતી. લાશને હાલમાં કોલ્ડરૂમમાં રાખવામાં આવી છે અને કાલે તેનુ પોસ્ટમોર્ટમ થશે. શિલ્પાના પતિ પ્રાઈમરી સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હોવાનું જાણવા મળે છે. શિલ્પા પટેલ બે બાળકોની માતા છે

## રાજ્યમાં પાંચ વર્ષમાં સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચારની ૪૦,૬૬૦ ફરિયાદ

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં એન્ટી-કરપ્શન અને તકેદારી આયોગ જેવી સંસ્થાઓની સતર્કતાને કારણે ભ્રષ્ટાચાર આચરતા અધિકારીઓ અને કર્મચારીઓને પકડવાનો દર વધી રહ્યો છે. આ દર પાંચ વર્ષ પહેલાં ૫૦ ટકા હતો, એ વધીને ૯૬ ટકા થયો હોવાનો દાવો રાજ્યના ગૃહ વિભાગે કર્યો છે. ગૃહ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે રાજ્યના એન્ટી-કરપ્શન બ્યુરો દ્વારા ભ્રષ્ટાચારીઓ સામે રોજની બે ફરિયાદમાં પગલાં લેવામાં આવી રહ્યાં છે. એવી જ રીતે તકેદારી આયોગમાં નોંધાયેલી ફરિયાદોમાં પણ ભલામણ પ્રમાણે વિભાગ પગલાં લઇ રહ્યું છે. છેલ્લાં પાંચ વર્ષમાં સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદોની સંખ્યા ૪૦,૬૬૦ આવી છે, એન્ટી-કરપ્શન બ્યુરોની જેમ તકેદારી આયોગમાં ફરિયાદોની સંખ્યા વધી રહી છે. તકેદારી આયોગને જે ફરિયાદો મળી હતી એ પૈકી ૩૧૦૦ કસૂરવાર સામે ખાતાકીય કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી હતી, જે પૈકી ગૃહ વિભાગે ૮૦૦ જેટલા આક્ષેપિતો સામે અલગ અલગ પ્રકારની શિક્ષાના હુકમો કરવામાં આવ્યા છે. તકેદારી આયોગ દ્વારા કરવામાં આવેલી ભલામણોને આધારે ભ્રષ્ટાચારના કિસ્સા અંગે તપાસ કરી એને સાબિત કરવાનો દર ૨૫ ટકા હતો, એ વધીને ૩૪ ટકા થયો છે. છેલ્લાં ચાર વર્ષમાં સંડોવાયેલા આરોપીની સંખ્યા ૩૭૧ હતી, જે વધીને ૭૨૯ થઈ છે, એટલે કે ભ્રષ્ટાચાર આચરતા આરોપીઓને પકડવાના દરમાં ૯૬ ટકા જેટલો વધારો થયો હોવાનો દાવો કરવામાં આવે છે. તકેદારી આયોગની જેમ સરકારી વિભાગોમાં થઇ રહેલા ભ્રષ્ટાચાર શોધવામાં એન્ટી-કરપ્શન બ્યુરોની પણ મહત્ત્વની ભૂમિકા રહી છે. છેલ્લા વર્ષમાં બ્યુરોએ ૫૦ ટકા આરોપીને સજા કરાવી છે. બ્યુરોએ છેલ્લાં પાંચ વર્ષમાં ૧૫૦૦થી વધુ છટકાં કરી લાંચિયા અધિકારી તેમજ કર્મચારીઓને પકડ્યા છે, જોકે ૪૦૦ કેસમાં આ અધિકારીઓ છટકી ગયા છે.

# રસભરી રસીદ

" એને ઝેરોક્ષ આપી રસીદ લેતો આવજે.. સોસાયટીનો મેઈન્ટેનન્સનો ચેક એમ જ ન આપી દેતી,રસીદ માંગજે..આ પાવતી સાચવીને રાખી મૂકજો, મહત્વની છે."

આ રસીદ, પાવતી ,એક્નોલેજમેન્ટ... કેટલાં મહત્વ ના શબ્દો બની ગયા છે આપણી વ્યવહારુ જીવનમાં!! ક્યારેક એમાંથી કોઈક આપણા આયખામાં હોય એવું છાનું છાનું આપણે ઈચ્છીએ પણ? છીએ. આ રસીદ એટલે દર વખતે ખુલ્લે આમ પ્રદર્શન એવું પણ નહીં,ફક્ત એનું દિલથી દીધેલી દાદ પણ પર્યાપ્ત થઈ જાય છે. રોજ બરોજની જીંદગીમાં આવા નાનાં નાનાં ઉલ્લેખ પણ? આ રસીદ કે પહોંચ પાવતી નું અજબ કામ કરે છે .

વાર પરબે થતી મિજબાની માટે તો ખરું જ ,પણ પગમાં જાણે પવનપાવડી પહેરી હોય એમ કામ પાર પાડતી માનુનીને ફક્ત " આજે મસ્ત દાળ બની ' તી"કે

"આજના શાકને ઓફિસમાં સૌએ બહુ જ વખાણ્યું" એમ? કોઈ કોઈ વાર કહી તો જુઓ..એક જાદુઈ ચમક આવી જશે એ પહોંચ પાવતી લેનારના ચહેરા પર..આખા દિવસનો થાક વરાળ થઈને ઊડી જશે..

આવી નાની નાની વાતો એક જાદુઈ છડી નું કામ કરશે.પેપર નાખવા આવતા કિશોરને ,"આજે જલ્દી પેપર લાવ્યો ,થેંક્ યુ બેટા " કે દૂધ આપવા આવનાર ને કદીક " ગુડ મોર્નિંગ " કહી જોજો...એમની ગતિમાં જ રસીદ દેખા દેશે.

સાવ નાનકડા ભૂલકાને પણ કોઈ વધાવે એ ગમે અને

જીવન સંધ્યાએ પહોંચેલાને તો એની તલબ રહે છે.આ રસીદ કે કદર માટે ?ખાસ કંઈ નથી કરવાનું હોતું પણ બચ્ચાઓને થોડીક તાળી કે એક પ્યારભરી પપ્પી જ કાફી હોય છે.જયારે સીનીયર સીટીઝનને ખભે એક થપકી કે એમનો હાથ પકડી ધીમેથી પંપાળી જોજો.આ અનુભવ રસીદ આપનાર માટે પણ યાદગાર બની રહેશે ...

વરસોથી મારા ઘરે કામ કરનારી સુશીલાની પૌત્રીએ રસ્તામાં મળતા જ ચરણસ્પર્શ કર્યા,"સરસ સંસ્કાર આપ્યા છે દાદીએ.આયુષ્યમાન થજે". સુશીલા હરખથી અભિભૂત થઈ ઊઠી,"તમારી સાથે રહીને જ શીખી છું ,બેન ! " આમ રસીદની આપ લે થઈ અને દિલ ખુશખુશાલ ..

વરસો પહેલાં ગુજરાતીના શિક્ષિકાએ કરેલા નિબંધ ના વખાણ આજે ય લખતી વખતે કાનમાં ગૂંજે છે.ત્યાર બાદ મળેલી દરેક દાદ એ રસીદને જ આભારી છે એમ લાગતું હતું હોય છે. પ્રશંસા તો? પ્રભુ ને પણ પ્યારી હોય છે ને!! નાની નાની વાતોને બિરદાવી જોજો, તમારી આસપાસનું વાતાવરણ જ બદલાઈ જશે..

દિવાળીની જ વાત કરું તો મારી શાકવાળી શકુ સારી સાડી પહેરીને આવી.એને જોતાં જ મેં કહ્યું,"અરે વાહ શકુ, આજે તો હિરોઈન લાગે છે હં.. બહુ સરસ સાડી છે તારી, સાથે પાછી મેચીન્ગ બંગડીઓ પણ .." શકુનો ચહેરો એની રસીદની ચાડી ખાતો હતો.મને ખાતરી છે કે એ આખો દિવસ શકુ મોજમાં જ રહી હશે!!નાના કે મોટાં બધાં જ આ રસીદ કે પહોંચ પાવતીની દિલના એક ખૂણામાં ચાહ સમાવીને જ બેઠાં હોય છે. નાનાં હોઈએ ત્યારથી જ પૂછાતા હોય છે આવા પ્રશ્નો.. મમ્મી ગમે કે પપ્પા,દાદી ગમે કે નાની???...અને પસંદગી પામનાર એ નાના ભૂલકાને રસીદ આપવા બદલ વહાલથી નવડાવી દે છે ..

બે સફરજન હાથમાં લઈને આખા ઘરમાં એક બાળક મસ્તી કરી રહ્યું હતું.એક સફરજન એણે

ખાવાની શરૂઆત કરી ત્યારે મમ્મીએ બીજું માંગતા એણે બીજા સફરજનમાં પણ પોતાની દંતછાપ ઉભારી.મમ્મીની ફરી માંગ થતાં એણે પહેલું સફરજન આપી કહ્યું," મમ્મી,આ વધારે મીઠું છે ! "મિનીટ પહેલાં આવેલો બધો રોષ ઓગાળી મમ્મીએ એને ચુંબનોની રસીદ આપી દીધી ..

આમ પહોંચપાવતી દર વખતે શબ્દોમાં જ વ્યક્ત નથી થતી એ સમજાયું ને! વળી વારંવાર આભાર માની કે ઔપચારિકતા દાખવી એની મીઠાશ ન ઘટે એ જોવું રહ્યું.આ રસીદના અમીછાંટણા ય બાગ ખીલવી શકે છે.એની હાજરી જેટલી સ્વયંભૂ તેટલી જ અસરકારક.વ્યક્તિ જેટલી ?નિખાલસ એટલી જ પહોંચપાવતી? તત્ક્ષણ અને આનંદ બક્ષનારી.. ઉંમર અને પ્રસંગોચિત આ રસીદ આંખ દ્વારા, સ્પર્શથી કે નાનકડી પંક્તિથી પહોંચાડી શકાય.કોઈવાર તો મીઠા ઠપકાથી પણ !!

આ પહોંચપાવતી એક ઉત્પ્રેરકનું કામ કરશે ,કામની ધગશ વધારશે , સંબંધોને ગાઢ બનાવવા તાણાવાણા ઉમેરશે અને આ બધું કરવા જોઈએ છે શું ??

એક? નિર્મળ, નિખાલસ મન !

ચાલો, તો પછી શુભસ્ય શીઘ્રમ!! આપવા માંડો પહોંચપાવતી

માયા દેસાઈ

મુંબઈ ભારત.

# સથવારો

સથવારો શબ્દ ઘણાં વાચકો માટે નવો શબ્દ લાગશે, પરંતુ સાહિત્યની ભાષામાં, આ શબ્દ પ્રયોગ કવિ/લેખકોએ પોતાની ગદ્ય કે પદ્ય રચનાઓમાં કરેલો જ છે. સથવારો એટલે એક પ્રકારનો સાથ, સંગાથ, નાતો કે જીવનભરની સગાઈ એવો કરી શકાય. ખાસ કરીને સથવારો શબ્દ પ્રેમી પ્રેમિકા કે પતિ પત્નિના સંબંધને ઉજાગર કરે છે. સથવારો એટલે એકબીજાની હૂંફ એવો પણ મતલબ નિકળી શકે છે.

જ્યારે પતિ પત્નીને વૃદ્ધાવસ્થા કે ઘડપણ આવે છે અને પોતાના સંતાનો માવતરને તરછોડે છે ત્યારે પતિ પત્નિ એકબીજાના સથવારે જ બાકીનું જીવન ગુજારે છે. બન્નેને એકબીજાના સહારા તથા હૂંફની તાતી જરૂર હોય છે. આમેય પતિ પત્નીના સંબંધને રથના બે પૈડાં સમાન ગણેલ છે. જેમ રથનું એક પૈડું તૂટી જાય કે ખોટકાઈ જાય તો રથ નકામો બની જાય છે, આજરીતે જીવન પણ એક રથ સમાન જ છે અને જો પતિ કે પત્ની બેમાંથી કોઈ કારણસર જોડી ખંડિત થાય તો આખો જીવનરથ કકડભૂસ થઈ પડી જાય છે. વૃદ્ધાવસ્થામાં બન્ને એકબીજાને સાચવી તથા સંભાળી લ્યે છે. બન્નેને હરપળ હરઘડી એકબીજાની હૂંફની જરૂરિયાત ઊભી થાય છે. આવામાં જો પતિ કે પત્ની ગમે તે એકનો સાથ છૂટે તો બીજા માટે એકલાં રહેવું બહુ કપરુ, મુશ્કિલ અને પીડાદાયક હોય છે. કહેવાય છે કે સારસ નામના પક્ષીની બેલડીમાંથી જો એકનું મૃત્યું થાય તો બીજુ પણ માથુ પટકી પકડીને સીઝ પોતાના પ્રાણની આહૂતિ આપે છે. આમ એક પક્ષી પણ સાચા પ્રેમનો સંબંધ ઝંખે છે.

યોગેશભાઈ આર જોશી ,હાલોલ, જિ. પંચમહાલ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ગદ્ય (વાર્તા)

NG /0064

પ્રકાર : ગદ્ય

વિષય : સમયના વહેણ

શીર્ષક : સમણાં

મહત્ત્વાકાંક્ષી માનસી રોજ સવારે અરીસા સામે ઉભી રહી સોનેરી સમણાં આંખે આંજી, જવાબદારીની હેલ માથે ચઢાવી લેતી.

'બસ આટલું જ... બસ હવે તો આ પતાવી લઉં એટલે આજ તો કલમની કારીગરી પાનાંઓ પર કંડારું.'

એવાં વિચારોમાં જ સૂરજ ક્ષિતિજને આંબી જતો અને, આકાશ સાથે આંખે પણ ફરી અંધકાર રેલાય જતો.

છતાં માનસીની આશા હંમેશા અકબંધ. પથારીમાં પડે ને, મિતેશની યાદોને પોતાનાં ફરતે વીંટાળી હોઠના ખૂણે સહેજ મલકાટ રેલાવતી ફરી વિચારે,

'હશે... દિવસના ક્યાં દુકાળ છે કાલ વાત.'

રોજ નવો સૂરજ માનસીની નવી આશા સાથે ઉગે ને એવો ને એવો આથમી જાય.

સમયના વહેણ આમ ને આમ વહેતાં ગયાં ને માનસીની ડાયરીનાં કાગળ કોરાં જ રહી ગયાં. આજ માથે રૂપેરી છાંટ આવી. જવાબદારીઓ હળવી થશે. પણ... તે વૃદ્ધાશ્રમમાં બેઠી બેઠી મિતેશે આપેલી ડાયરીને હૃદય સરસી ચાંપી મનોમન વિચારતી રહી,

'આપણે સજાવેલા સમણાં લખું કે હકીકત!?'

નેહા બગથરીયા

-----------------------------------

NOG NO :19

કલ્પનાબેન ત્રિવેદી

સુરેન્દ્રનગર

વિષય..સમયનાં વહેણ

પ્રકાર.. ગદ્ય.

સુમન ઘણાં સમયથી મિહિરની મૈત્રીથી ચિંતિંત હતી.પોતાની ઘનિષ્ઠ મૈત્રી ને લગ્નનું સ્વરૂપ આપી સંસાર રથમાં આગળ વધવા ઉત્સુક હતી.પપ્પા પોતાના નિર્ણય ને માન્ય નહીં રાખે, અને પોતે એનો પ્યાર છોડી શકતી નહોતી. ઘરમાં એ, મમ્મી અને પપ્પા ત્રણ નો જ પરિવાર હતો.

બહુ મંથનથી એણે પિતાનું ઘર છોડી મિહિર સાથે મંદિરમાં લગ્ન કરી લીધાં અને ભાડાના મકાનમાં રહેવા લાગી.એને મિહિર ખૂબ સાચવતો,પણ મમ્મી પપ્પાની યાદ આવતા એ મૂરઝાઇ જતી.મિહિરનાં પરિવાર જનોએ બંનેને સ્વિકારી લીધાં હતાં. એમની સમજાવટથી તેઓ પરિવાર સાથે રહેવા લાગ્યાં. સમયનાં વહેણ સાથે વર્ષો વીતતાં રહ્યાં. આજે સવારથી જ સુમનને પપ્પાની ,મમ્મીની ખૂબ યાદ આવતી હતી. એણે મિહિરને વાત કરી કે આપણે પર્વ,આપણા દીકરાને લઈ મમ્મી-પપ્પાને મળી આવીએ.પર્વને જોઈ એ માફ કરી દેશે. મિહિર બધાને લઈ સુમનના પપ્પાને ત્યાં આવ્યો. અને ડોરબેલ વગાડી. બંધ બારણું ધીરે ધીરે ખૂલ્યું ને એક લાકડીનાં ટેકાથી ઉભા રહેલાં પપ્પાને જોઈ સુમન ધ્રુસકે ધ્રુસકે રડી પડી.પપ્પાએ મમ્મીને બૂમ પાડી...જો તો ખરી કોણ આવ્યું છે? અને મમ્મી સાથે બધાનું એક તારામૈત્રક રચાયું. અને સમયનાં વહેણ સાથે વર્ષો ઓગળવા લાગ્યાં.

કલ્પનાબેન ત્રિવેદી

-----------------------------------

NOG no. :: 0017

સમયના વહેણ

"અરરર...હું કળજગ આયવો સે?" માથા પર હાથ મૂકીને આમ બોલતા બોલતા ધનીમા 'મોટો ડેલો' કહેવાતા કલાબાપાના ડેલીદરવાજામાંથી બહાર નીકળ્યા.

"કાં ડોહી... માથું પકડતાકને હુ બકતા જાવ સો?" ગામ આખામાં 'તાજા સમાચાર' તરીકે ઓળખાતા કુંવરફોઈએ ધનીમાને માથું પકડી, મનમાં બોલતા જોઈને પૂછી જ નાખ્યું.

"કાંય નય... આ જોવોની... આ હું જરીક ગામમાં ગય'તી ને, તે (હાથ ઉંચો કરીને) આમ ગામ આખાને આટો વાઢવો એના કરતાક્ને ઈમ થ્યું કે આંય મોટા ડેલામ થયન જ ઘરભણી પાધરી નીહરી જાવ." ધનીમાએ કુંવરફોઈને મીઠો જવાબ આપ્યો.

ધનીમાના મીઠા જવાબથી અસંતુષ્ટ થયેલા કુંવરફોઈને પેટમાં ઝાળ થઈ. "આ ડોહીના મનમાં કાંયક તો છે જ મારુ બેટુ કઢાવવું જોહે પેટમાંથી." મનમાં આવો વિચાર કરતા કરતા જ કુંવરફોઈએ ધનીમાનું પેટ પકડવા હાથ લાંબો કર્યો.

"કાં, બેન કાંય સોયટું છે માર પેટે?" ધનીમાએ પેટ તરફ નજર અને હાથ ફેરવતા ફેરવતા જ સવાલ કર્યો.

"ના ના માડી... કાંય સોયટુ નથી. પણ, હું તો... આ તો તમે, આ કાંક બોલતા બોલતા હાલતા 'તા તે પેટમાં તો નથ દુઃખતું ને?" કુંવરફોઈએ મોઢા પર ફિક્કા હાસ્ય સાથે ચિંતીત ચહેરો બતાવતા સવાલ કર્યો.

"એ... હા... ઈ તો હું એમ વીસારતી 'તી કે...... લે તંય આંય ઉભા ઉભા થોડી વાતુ થાહે? હાલો આંય ઓટલીએ બે ઘડી બેહો. પોરોય થાય ને થોડીક વાતુંય થાય." ધનીમા અને કુંવરફોઈ એકબીજાના હાથ પકડીને નજીક આવેલા ઓટલા પર બેસી ગયા.

"હા... તંય હું તો એમ વીસારતી 'તી કે હુ કળજગ આયવો સે? જોવોની બેન. આ હું આ ડેલામાં ગયને તો આ મનસુખભયના સોરાની વોવને આ નરસયભાય બેય પાંહે પાંહે બેઠા 'તા ન વાતુંય કરતા 'તા."

"હેં! નરસયભા...ય 'ને ઓયલી કાયલ હવારે હાયલી આવતી વોવ!!! ઈ બેય..." ધનીમાને વચ્ચેથી જ અટકાવીને કુંવરફોઈએ આદત પ્રમાણે મનમાં જ અનેક ઘટનાઓ ઘડી નાખી. " તે... તંય ઈ હેની વાતુ કરતા 'તા?" કુંવરફોઈના પેટમાં ક્યારનો ઉછાળા મારતો સવાલ કૂતરાના મોઢાની લાળની જેમ સરી ગયો.

"એ.... ઓયલી વોવ ઘઉંમાંથી કાંકરા કાઢતી 'તી 'ન નરસયભાય (હાથ લંબાવીને) આમ પણે ખુરસી માંહે બેઠા 'તા." કુંવરફોઈને પોતાના વિચારો પર શરમ આવતા મુંગા જ રહ્યા એટલે ધનીમાએ પોતાની વાત આગળ વધારી, "હા... તંયી.... આ નરસયભાય તો કોઈ દાડો, કોઈ હામું જોવે એવા નથી. પણ, આ આજકાલની છોડિયું...... અન પાસા હાડલાય નો ઓયઢા પેયરા હોય. ઓયલા ઓઢણા વીનાના ફીટ ફીટ લૂગડાં... રામ રામ રામ.... " ધનીમાને આટલું બોલતા શ્વાસ ચડવા લાગ્યા.

ઓટલાની બીજી બાજુ બેઠેલા મનસુખભાઈ ક્યારના કુંવરફોઈ અને ધનીમાની વાતો સાંભળી રહ્યા હતા. મનમાં આવેલા ગુસ્સાને ઓગાળીને એ બંનેની સામે આવ્યા. ચડતા જતા શ્વાસને લીધે હાંફતા ધનીમાને એની ગોળી આપી અને નજીક રહેલા પાણીના ઘડામાંથી પાણીનો ગ્લાસ ભરી આપ્યો. ધનીમાને શ્વાસ થોડો શાંત થયો એટલે મનસુખભાઈએ સવાલ પુછ્યો, "તમારા કેટલા વરહ થ્યા હશે?"

ધનીમાને મનસુખભાઈએ એ બંનેની વાતો સાંભળી લીધી હશે એવો ભાસ થયો એટલે મનસુખભાઈને જવાબ આપવાના બદલે કુંવરફોઈ સામું એકીટશે જોઈ રહ્યા. કુંવરફોઈ પણ ઉંચી નીચી નજરે ઘડીક ધનીમાને તો ઘડીક મનસુખભાઈ સામું જોતા મનમાં જ ધ્રુજી રહ્યા.

મનસુખભાઈ એ બંનેની હરકતોને પામી ગયા. એટલે એમણે જ વાતની શરૂઆત કરી, "કાં, ધનીમા... આમ કોઈની ખરા ખોટી કરતા કરતા કંયે શ્વાસ રૂંધાઈ જાય એની ખબર નો પડે હો." મનસુખભાઈ મુછમા મલકાયા અને થોડીવાર ધનીમા અને કુંવરફોઈ સામું જોઈ રહ્યા.

"આપડા ગામમાં મારા મોટાભાઈ હામું કોઈ દી કોયે ઉંચી નજરે જોયું નથી એમ જ મારા મોટાભાઈએ પણ કોઈની રંજાડ કરી નથી. એ કડક છે તો હુ થય ગ્યું? એનો એવો સ્વભાવ છેને તોય અમે વીહ જણા હાંજ પડે ભેગા બેહીન હળવા ફુલ જેવા થઈ જાઈ. એને દુનિયાની હંધીય રીતની ખબર સે. અમારા દીકરાની વહુવારુને હંધીય છુટછાટ એણે જ અપાવી છે. નવ નવ દાયકા જોયા છે એણે. જેવો સમય એવી એની રે'ણીકે'ણી. સમયના વહેણ સાથે પોતાને પણ ફેરવી શકે ઈ અમારા ભાઈ છે હો. સમય હારે તમે તમારી જાતને નો બદલી હકો તો તમે હારી રીતે જીવી નો હકો હો, ધનીમા." ધનીમા મનસુખભાઈના મોઢે પોતાનું નામ સાંભળતા જ ધ્રુજી ઉઠ્યા.

મનસુખભાઈએ ધનીમાનો હાથ પકડીને ઉભા કર્યા અને કુંવરફોઈ સામે જોઈને બોલ્યા, " મોટાબેન, સુખેથી જીવવું હોય તો સમયને ઓળખવો જ પડે. સમયના વે'ણ તો ફર્યા કરવાના એની હારે હારે માણહેય ફરવું પડે. લ્યો હવે ધનીમાનો હાથ ઝાલો ને એને ઘેરે પુગાડો." કુંવરફોઈના હાથમાં ધનીમાનો હાથ પકડાવતા મનસુખભાઈએ બંનેને જય શ્રી કૃષ્ણ કહ્યા અને પોતાના દરવાજા તરફ રવાના થયા.

મનસુખભાઈને 'જય શ્રી કૃષ્ણ' કહીને પોતાના વિચારોથી ઝુકેલા ધનીમા અને કુંવરફોઈ પણ "બાય, જમાનો જ હારો નથી." કરતાંકને ઘર તરફ રવાના થયા.

- તેજલ વઘાસીયા

(ઉમરાળી, જૂનાગઢ)




શિક્ષક કભી સાધારણ નહી હોતા

# ગ્લોબલ ટીચર પુરસ્કાર માટે દુનિયામાંથી મહારાષ્ટ્રનાં રણજીત સિંહ ડિસલેની પસંદગી કરવામાં આવી

શિક્ષક કભી સાધારણ નહી હોતા.. ચાણક્ય નાં વાક્યને મહારાષ્ટ્રનાં એક નાનકડા ગામની પ્રાથમિક શાળાનાં શિક્ષકે દુનિયાના સર્વશ્રેષ્ઠ શિક્ષકનો પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવી ને ભારતને અને મહારાષ્ટ્ર ગૌરવ અપાવ્યું છે.

આજકાલ હાઈફાઈ અને તમામ સુવિધા વાળી આધુનિક સ્કૂલોમાં ઉત્તમ પ્રકારનું શિક્ષણ અપાય છે. પણ ગ્રામ્ય વિસ્તાર નીએવી પણ શાળાઓછે જેમા ઓછી સુવિદ્યાઓની વચ્ચે પણ ઉત્તમ શિક્ષણ આપી શકાય છે. વર્ગખંડો ની અંદર પાઠ્ય પુસ્તીક્યુ જ્ઞાન ને બદલે બાળકો ને જીવન શિક્ષણ સારા સંસ્કાર અને ચારિત્ર ઘડતરનાં પાઠો પણ ઉત્તમ રીતેશિખવાડાય છે. ખાસ કરીને કોરોના જેવી મહામારીમા પણ જીવના જોખમે બંધ શાળાઓની વચ્ચે પણ અને ઇન્ટરનેટની સુવિધા વગર પણ ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપનારા શિક્ષકો ની સંખ્યા પણ ઓછી નથી. ત્યારે આવા જ એક મહારાષ્ટ્ર નાં શિક્ષકને

દુનિયાના સર્વશ્રેષ્ઠ શિક્ષકનો પ્રતિષ્ઠિત એવોર્ડ અપાયો ત્યારેફરી એક વાર ચાણક્ય ની વાત સિધ્ધ થઈ કે શિક્ષણ કભી સાધારણ નહી હોતા.

હા,પહેલી વખત કોઇ ભારતીય ને દુનિયાના સર્વશ્રેષ્ઠ શિક્ષક હોવાનું સમ્માન પ્રાપ્ત થયું છે.એ ખરેખર દરેક ભારતીય






શિક્ષક માટે ગૌરવ કહી શકાય.

આવું ગૌરવ બીજા કોઈએ નહી પણ મહારાષ્ટ્ર નાં નાનકડા એક પ્રાથમિક શાળાના શિક્ષકને મળ્યુ છે. જેઓનું નામ છે.

રણજીત સિંહ ડિસલે. મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાની પરિષદ સ્કૂલમાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા રણજીત સિંહ ડિસલેને દુનિયાનું સર્વશ્રેષ્ઠ સન્માન મળ્યું છે. ગ્લોબલ ટીચર પુરસ્કાર માટે દુનિયામાંથી રણજીત સિંહ ડિસલેની પસંદગી કરવામાં આવી છે. આ એવોર્ડની સાથે સાથે પ્રાથમિક શાળાનો આ સામાન્ય શિક્ષક કરોડપતિ બની ગયો છે. ગ્લોબલ ટીચર પુરસ્કારની સાથે રણજીત સિંહ ડિસલેને ૭ કરોડ રૂપિયા પણ આપવામાં આવ્યા છે.

આવું પહેલી વખત બન્યું છે કે કોઈ ભારતીયને સર્વશ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળ્યો હોય.

હા, મહારાષ્ટ્રના સોલાપુરના શિક્ષકને વાર્કી ફાઉન્ડેશનના ટોપ ગ્લોબલ ટીચર પ્રાઈઝ-૨૦૨૦નો એવોર્ડ મળતા એક મિલિયન ડૉલર એટલે કે રૂ.૭.૪૦ કરોડનો એવોર્ડ મળ્યો છે. .જેની લંડનથી અધિકૃત જાહેરાત થઈ છે.

સોલાપુર જીલ્લાના પારીઠેવાડીની જીલ્લા પરિષદ સ્કૂલમાં ભણાવતા શિક્ષક રણજીતસિંહ દિસાળેને આ એવોર્ડ મળ્યો છે.

તેમણે એજ્યુકેશનમાં ખરેખર કાયાપલટ કરી છે, જેમાંતેમણે ક્યુઆર કોડ્સ અને અન્ય નવી ટેકનોલોજીનો વપરાશ કર્યો છે. પરિણામે નપાસ થનારા બાળકોની સંખ્યામાં ઘટાડો થયો છે. ખાસ કરીને છોકરીઓને વિશેષ ફાયદો થયો છે. આ એવોર્ડ માટે વૈશ્વિક સ્તરે ૧૦ શિક્ષકોની પસંદગી થઈ હતી, જેમાંથી દિસાળેની પસંદગી કરવામાં આવી છે.

જીટીપીની અધિકૃત વેબસાઈટમાં જણાવવામાં આવ્યું છે કે, રણજીતસિંહ દિસાળેની કામગીરી નોંધપાત્ર છે. તેમના ગામમાં આજદિન સુધી એક પણબાળ વિવાહ થયા નથી, સ્કૂલમાં છોકરીઓની હાજરી ૧૦૦ ટકા છે. તેમની સ્કૂલને જીલ્લા સ્તરે બેસ્ટ સ્કૂલનો એવોર્ડ મળ્યો હતો. કારણ કે સ્કૂલના ૮૫ ટકા વિદ્યાર્થીઓએ 'એ' ગ્રેડ મેળવ્યો હતો. ગામની એક દિકરીયુનિવર્સિટીથી ગ્રેજ્યુએટ પણ થઈ છે, જે રણજીતસિંહના આવતા પહેલા અસંભવ કહેવાતુ હતું.

યુનેસ્કો (UNESCO) અને લંડન (London) સ્થિત વર્કી ફાઉન્ડેશન (Varkey Foundation) દ્વારા અપાતા ગ્લોબલ ટીચર પ્રાઈઝની જાહેરાત ૩ ડિસેમ્બરના રોજ થઇ હતી. સોલાપુર જિલ્લાના પતિતેવાડી ગામ (Paritewadi village)માં શાળાના શિક્ષક રણજીતસિંહ ડિસલે એ આ પુરસ્કાર જીતી લીધો. લંડનના નેચુરલ હિસ્ટ્રી મ્યુઝિયમમાં સંપન્ન થયેલા સમારંભમાં સુપ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા સ્ટીફન ફ્રાય એ આ પુરસ્કારની જાહેરાત કરી હતી.

આ સમારંભ વર્ચુઅલ આયોજીત કરાયો હતો.

દુનિયાના ૧૪૦ દેશોના ૧૨ હજારથી વધુ શિક્ષકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કોરોનાની મહામારીની વચ્ચે ગામના બાળકોએ અભ્યાસ ચાલુ રાખવા અને છોકરીઓને શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે તેમને આ પુરસ્કાર મળ્યો છે. વિધ્યાર્થીનીઓના શિક્ષણને પ્રોત્સાહિત કરવા અને ભારતમાં ત્વરિત-પ્રતિક્રિયા (QR) કોડિત પાઠ્યપુસ્તક ક્રાંતિને ગતિ આપવાના પ્રયાસોના લીધે રણજીત સિંહને આ ઇનામ મળ્યું છે

અત્રે ઉલ્લેખનીયછે કે ૨૦૧૪મા વાર્કી ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત વાર્ષિક પુરસ્કાર માટે દુનિયાભરમાંથી ૧૦ ફાઇનલિસ્ટ પસંદ કરાયા. આ પુરસ્કાર એવા વિલક્ષણ શિક્ષકને અપાય છે જેમણે પોતાના શિક્ષણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું હોય.મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારી તેમજ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે એ આ ઉપલબધિ માટે અભિનંદન આપ્યા છે.

જોકે રણજીત સિંહ ડિસલેએ ઇનામી રકમમાં ૫૦ ટકા રકમ અંતિમ તબક્કા સુધી પહોંચાડનાર ૯ બીજા ટીચર્સની સાથે વહેંચવાની જાહેરાત કરી છે. તેના લીધે હજારો વિદ્યાર્થીઓની સ્કોલરશીપ દ્વારા અભ્યાસ કરવાની તક મળશે.

કન્યા શિક્ષણ અને ક્વીક રિસ્પોન્સ પાઠ્યપુસ્તક ક્રાન્તિને વેગવાન બનાવવા માટે રણજિત સિંઘને આ પુરસ્કાર જાહેર કરાયો હતો. તેમણે શિક્ષણ ક્ષેત્રમાં કરેલા માતબર પ્રદાનની નોંધ લેવાઇ હતી.

અને પોતેએક આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ પણચલાવે છે .જેમાં શિક્ષકો જોડાઈ શકે. તેમની આઉમદા સેવા બદલ તેને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. ડિસલેને મળેલા ૧૦ લાખ પાઉન્ડમાંથી તે ૪૦-૪૦ હજાર પાઉન્ડ ઈટાલી, બ્રાઝિલ, વિયેતનામ, મલેશિયા, નાઈજીરિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, અમેરિકાનાં એ શિક્ષકોમાં વહેચશે જેમણે ટોચના ૧૦માં સ્થાન બનાવ્યું છે.

શિક્ષણ હમેશાવેચવાની નહી પણ વહેચવાની પ્રક્રિયા છે.તેઓ જ્ઞાન વહેચવામાં વિશ્વાસ ધરાવે છે. અને એટલે જ તેમણે પોતાના પુરસ્કારની અડધી રાશિ ટોચનાં ૧૦ સ્થાનોમાં આવેલા શિક્ષકોમાં વહેચવાનો નિર્ણય લીધો છે. ડિસલેએ સુનિશ્ચિત કર્યુ હતું કેછોકરીઓ શાળામાં આવી શકે અનેબાળવિવાહ જેવા દૂષણનો ભોગ ન બને. આસાથે જ તેણે છોકરીઓનાં સારા પરિણામો

આવે તે માટે પણ વિશેષ પ્રયાસો કર્યા હતાં.આ ઉપરાંત તેઓ ૮૩ દેશોમાં વિજ્ઞાન ભણાવેછે. એ બહુ મોટી વાત છે.આપણે સૌ ભારતવાસીઓઆ શિક્ષક માટે ગૌરવ અનુભવીએ. અને શિક્ષકો એમની પાસેથી પ્રેરણા મેળવે એવી આશા સાથે શુભેચ્છા પાઠવીએ.અસ્તુ

દીપક જગતાપ

## બેંક માં આવતાં લોકો સાથે બેંકના કર્મચારીઓ કરી રહ્યા છે ઉધ્ધતાઈ ભર્યું વર્તન

# છાપી હાઈવે પર આવેલ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓની લાલીયાવાડી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના એપી સેન્ટર ગણાતા છાપી હાઈવે પર આવેલાં બેંક ઓફ ઈન્ડિયા ના અધિકારીઓ દ્વારા લોકોને કનગત કરવામાં આવી રહી છે જયારે બેંક ના અધિકારીઓ દ્વારા બેંક માં ખાતા ખોલાવવા માટે આવતા ગ્રાહકો ને ધરમ ના ધક્કા ખાવા પડે છે બેંકના અધિકારી ઓ દ્વારા કોઈપણ જાતનો સીધો જવાબ આપવામો આવતો નથી અને ગ્રાહકો સાથે સરમુત્યારશાહી કરી હડધુત કરવામાં આવે છે બેંક ઓફ ઈન્ડિયા માં કોરોના ગાઈડલાઈન ને લઈ કોઈપણ જાતની નોટીસ મુકવામાં આવી નથી અને લોકો ના જીવ જોખમ માં મુકવામાં આવી રહ્યા છે જો છાપી માં કોરોના નું સંક્રમણ ફેલાશે તો એક જવાબદારી બેંક ઓફ ઈન્ડિયા ની રહેશે કેમકે બેંક ના કર્મચારીઓ જ કલેકટર ના જાહેરનામા નો સરેઆમ ભંગ કરી ખુલ્લે આમ ધજીયા ઉડાવતા નજરે પડી રહ્યા છે બેંક બહાર કોઈપણ જાતનુ સેટેટાઈઝર પણ મુકવામાં આવ્યું નથી તેમજ બેંક બહાર સોસિયલ ડિસ્ટન્શ માટે ના પણ કોઈ રાઉન્ડ કરવામાં આવ્યા નથી તથા બેંક અધિકારીઓ દ્વારા એવું કહી ગ્રાહકો ને બહાર નિકળી દેવામાં આવે છે કે ×તમારૂં ગામ બેંકના સેજા બહાર આવે છે×તો બેંક દ્વારા સેજા માં આવતાં ગામો અને સેજા બહાર ના આવતાં ગામો ની યાદી બનાવી કેમ બહાર બોર્ડ મુકવામાં આવતુ નથી???? જેથી કરીને ગ્રાહકો મુજવણ માં ના મુકાય અને બેંક ના કર્મચારીઓ સાથે ઘર્ષણ ના થાય પત્રકાર દ્વારા યોગ્ય તપાસ કરતાં બેંક માં લાલીયાવાડી જોવા મળી હતી અને કર્મચારીઓ ને સવાલ કરતા તુ તુ મે મે થઈ હતી બેંક ના જાગ્રૃત ગ્રાહકો ની માંગ છે કે બેંકના મેનેજર આ બાબત ની તટસ્થ તપાસ કરી બેંકના કર્મચારીઓ ની શાન ઠેકાણે લાવે તપાસ કરતાં બેંકના મેનેજર રજા ઉપર હતા તેવું જાણવા મળ્યું હતું બેંક માં સ્ટાફ ઓછો હોવા નું પણ એક બહાનું બતાવવામાં આવી રહ્યું તો કેમ હેડ ઓફીસ એ જાણ કરી ઘટતી જગ્યાઓ પુરવા માં આવતી નથી??? બેંક ના કર્મચારીઓ પોતે નિયમ નું પાલન ન કરી લોકોને કયા મોઢે નિયમ નું પાલન કરાવવા ની સુફીયાણી વાતો કરી રહ્યા છે હવે જોવું રહ્યું કે બેંક ઓફ ઈન્ડિયા ની હેડ ઓફીસ દ્વારા આ બ્રાન્ચ પર શું શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે છે???બનાસકાંઠા તંત્ર દ્વારા પણ કોઈ પગલાં ભરાશે કે પછી બેંક ના આ કર્મચારીઓ લોકોને આમ જ રંજાડતા રહેશે....






ખાતા ખોલાવવા ગયેલા ગ્રાહકો સાથે બેંક નું ઉદ્ધતાઈ ભર્યું વર્તન

(૧)સાહિલ ઈનુસભાઈ નેદરીયા રહે.છાપી તા.વડગામ

(૨)આમીન અબ્દુલ હમીદ નેદરીયા રહે.છાપી તા.વડગામ


(૩)મોહમ્મદ મુસ્તાકભાઈ બસન રહે.રજોસણા તા.વડગામ

## સફળ આંદોલનકારી અને યુવા નેતા પ્રવીણભાઈ રામે ઉર્વશી નામની કન્યા સાથે પ્રભુતામાં પગલાં પાડયાં

હાલ કોરોના કાળમાં વધારે લોકોનો મેળાવડો ના થાય અને સામાજિક પ્રસંગોમાં પણ વધારે લોકો એકત્રિત ના થાય એ માટે સરકારે લગ્નપ્રસંગોમાં માત્ર ૧૦૦ લોકોને જ એકઠા થવાની જ પરવાનગી આપી છે ત્યારે આ નિયમોનું પાલન કરવાની પહેલી ફરજ રાજકીય આગેવાનો અને જાહેર જીવનના વ્યક્તિઓની છે

ત્યારે કોરોના સમયકાળ અને સરકારની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખીને સફળ આંદોલનકારી અને યુવાનેતા પ્રવીણભાઈ રામે પોતાના લગ્ન પરિવાર પૂરતા જ મર્યાદિત રાખી સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું, પ્રવીણભાઈ રામના લગ્નમાં જોષી પીઠ,હરિદ્વારના જગતગુરુ શંકરાચાર્ય ઈન્દુઆશ્રમ સ્વામી અને જયપુરના આચાર્ય ધર્મેન્દ્ર મહારાજ પણ હાજરી આપવાના હતા પરંતુ કોરોનાની વધતી જતી વિકટ પરિસ્થતિને ધ્યાનમાં રાખીને આ આયોજન પણ સ્થગિત રાખવામાં આવ્યું હતું,આમ લગ્નમાં સંખ્યા મર્યાદિત રાખી કોરોના કાળમાં સમાજને એક મેસેજ આપવાનો પ્રયાશ પ્રવિણ રામ દ્વારા કરવામાં આવ્યો હતો. પ્રવિણ રામ ગુજરાતના એક એવા આંદોલનકારી છે કે જેમને મોટા ભાગના આંદોલનોમાં સફળતાઓ હાથ લાગી છે,લોકોના સ્વાસ્થ્ય બાબતે,રોજગારી બાબતે, ફિક્સ કર્મચારી મુદ્દે, આશાવર્કર મુદ્દે,કંપનીના કામદારો મુદ્દે પ્રવીણભાઈ રામે ધારદાર લડત આપી ગુજરાતના દરેક સમાજના લાખો લોકોને ફાયદો કરાવ્યો છે ત્યારે જાહેર જીવનમાં વિશાળ પ્રતિભા ધરાવતા અને જન અધિકાર મંચમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે ફરજ બજાવતા એવા યુવાનેતા પ્રવીણભાઈ રામે ઉર્વશી નામની કન્યા સાથે પ્રભુતામાં પગલાં પાડયાં ત્યારે સોશીયલ મીડિયામાં અનેક સામાજિક આગેવાનોએ અને શુભચિંતકોએ દાંપત્યજીવન સુખમય રહે એ માટે શુભકામનાઓ પાઠવી હતી, પ્રવીણભાઈ રામની સંપૂર્ણ લગ્નવિધિ પ્રખ્યાત કથાકાર ડો મહાદેવ પ્રસાદ અને અનિલભાઈ દ્વારા કરવામાં આવતા આ નવદંપતીને પ્રખ્યાત કથાકાર ડો મહાદેવ પ્રસાદ મહેતાના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા હતા





સેક્ટર ૬/બી ચંદ્રમૌલેશ્ર્વર મહાદેવ મંદિર મા આગ લાગી... કોઈ જાન હાની નહી.કોર્પોરેટર હિરલ.ઉપૅલ.જોષી,રાકેશભાઈ પટેલ દ્વારા મંદિર ની મુલાકાત લઈ આગથી નુકસાન ની સમીક્ષા કરી આગ લાગવાના કારણ જાણવા પોલીસ તપાસ માટે જણાવેલ

## શામળાજીના ધુલેટામાં ત્રણ શખ્સોએ યુવકને રહેશી નાખ્યો

# બર્થડે પાર્ટીમાં ડી જે વગાડવા થયેલી બોલાચાલીની અદાવતમાં ખેલાયો ખૂની ખેલ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં લોકો એકબીજાના ખૂનના પ્યાસા બન્યા હોય તેમ નિર્દયી બની હત્યા કરતા ખચકાતા નથી જીલ્લામાં હત્યાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે જીલ્લામાં વધુ એક યુવકની હત્યાની ઘટના બનતા ભારે ચકચાર મચી છે શામળાજીના ધુલેટા (પાલ્લા) ગામમાં બર્થડે પાર્ટીમાં ડી જે વગાડવા અંગે પાડોશીઓને ગામના જ યુવક સાથે ઝગડો થયો હતો તેની અદાવત રાખી પિતા-પુત્ર અને અન્ય એક શખ્શે મળી યુવકનું ઢીમ ઢાળી દેતા સમગ્ર પંથકમાં હાહાકાર મચ્યો છે યુવકની હત્યાની ઘટનાના પગલે શામળાજી પોલીસે યુવકની લાશને પીએમ માટે ખસેડી ત્રણ શખ્સો સામે ગુન્હો નોંધી હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા એક સપ્તાહ પહેલા ભિલોડાના ડોડીસરા ગામે તાંત્રિકને વિધી કરવાના બહાને વીજ કરંટ આપી હત્યા કરનાર કુખ્યાત બુટલેગર સુકા ડુંડ અને તેના સાગરીતોને ઝડપી પાડવા છાપા મારી રહેલી પોલીસે અન્ય એક હત્યાની ઘટનાના પગલે દોડતી થઈ છે . શામળાજી નજીક આવેલા ધુલેટા(પાલ્લા) ગામે પિતા-પુત્ર અને અન્ય એક શખ્શે ૨૦ વર્ષીય કલ્પેશ કાંતિભાઈ ડામોર નામના યુવકની હત્યાના પગલે પંથકમાં ભરેલા અગ્ની જેવી સ્થિતી પ્રવર્તી રહી છે ધુલેટા(પાલ્લા) ગામે રહેતા કમલેશ ભાઈ નિનામાના પુત્ર દિવ્યેશનો જન્મ દિવસ હોવાથી બર્થડે પાર્ટી રાખી હતી જેમાં તેમનો મિત્ર કલ્પેશ પણ સામેલ થયો હતો જન્મદિવસની ઉજવણીમાં ડી જે વગાડવા અંગે પાડોશી ઉમેશ શીવારજ નિનામા અને તેના પરિવારે કલ્પેશ સાથે ઝગડો કર્યો હતો ત્યાર બાદ ડીજે વગાડવા અંગે થયેલ ઝગડાની અદાવતમાં કલ્પેશ ડામોર સાથે ઉમેશ શીવરાજ નિનામા,શિવરાજ બદાભાઈ નિનામા અને રાજુ નાનજી ભાઈ નિનામાએ ફરીથી ઝગડો કરી ઉમેશ નિનામાએ કલ્પેશ ડામોર પર લાકડી વડે અને ગડદાપાટુનો માર મારતા કલ્પેશ ડામોરના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બેભાન જેવી હાલતમાં પરિવારજનોએ સારવાર અર્થે દવાખાને ખસેડતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું યુવકનું મોત નિપજતા હત્યારા પિતા-પુત્ર અને અન્ય શખ્શ ગામ છોડી ફરાર થઈ ગયા હતા હત્યાની ઘટનાના પગલે શામળાજી પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શામળાજી પોલીસે મૃતક યુવકના ભાઈ સંજયભાઈ કાંતિભાઈ ડામોરની ફરિયાદના આધારે ૧)ઉમેશ શીવરાજ નિનામા,૨)શીવરાજ બદાભાઈ નિનામા અને ૩)રાજુ નાનજીભાઈ નિનામા (ત્રણે,રહે,કુંડી ફળિયું ,ધુલેટા) વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## ભિલોડા-મુડેટી રોડ પર સડસડાટ પસાર થતી


# પલ્સર-૨૨૦ સ્લીપ થઈ ગરનાળા સાથે ભટકાતા બાઈક ચાલક યુવકનું કમકમાટી ભર્યું મોત

અરવલ્લી બ્યુરો મોડાસા


અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકારી અકસ્માતની ઘટનાઓની હારમાળા સર્જી રહ્યા છે ભિલોડા-મુડેટી રોડ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહેલ હાઈસ્પીડ બાઈક સ્લીપ થઈ રોડ નજીક ગરનાળા સાથે ભટકાતા બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજયું હતું બાઈક સવાર અન્ય યુવકના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો અકસ્માતની ઘટનામાં વાંકનેર છાપરાના આશાસ્પદ યુવકનું મોત નિપજતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું ભિલોડા પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી કરી હતી

ભિલોડાના વાંકાનેર છાપરા ગામનો ૨૧ વર્ષીય યુવક હિરેન ચંદુભાઈ બરંડા તેની પલ્સર-૨૨૦ બાઈક લઈ તેના મિત્ર રોનિશ ચેતનભાઈ ગામેતી સાથે કામકાજ અર્થે નીકળ્યો હતો હિરેને પલ્સર બાઈક મુડેટી રોડ પર આવેલી આશાપુરા હોટલની આગળ વળાંકમાં પુરઝડપે,બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારવાને કારણે મોટર સાયકલ સ્લીપ થઈ જતા રોડ નજીક ગરનાળા સાથે ભટકાવતા હિરેન અને રોનિશ પટકાતા બાઈક ચાલક હિરેનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું રોનિશના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલ લોકોએ રોનિશને સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો ભિલોડા પોલીસને અકસ્માતની ઘટનાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની યુવકની લાશને પીએમ માટે ખસેડી હતી યુવકના મોતના પગલે પરિવારજનો અને સગા-સંબન્ધી અને મિત્ર વર્તુળ મોટી સંખ્યામાં પીએમ સ્થળે ઉમટ્યા હતા ભિલોડા પોલીસે મૃતક બાઈક ચાલક યુવક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## ભાવભરી શ્રદ્ધાંજલી



સ્વ. અમિતાબેન બી. જોષી સુરત (PSI)ને બહાદુર, બાહોશ અને કર્તવ્ય નિષ્ટ તેવા બેન શ્રી નુ આકસ્મિક અવસાન નિમિતે બ્રહ્મ સમાજ દુઃખ વ્યક્ત કરે છે. મહાદેવ તેમના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે...




## બાંટવામાં સંત અમારામાં ટીફીન સેવા દ્વારા પાગલ દેવને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું

બાંટવાની સંત અમારામાં ટીફીન સેવા અને વૃધ્ધા આશ્રમ સેવા પરિવાર દ્વારા બાંટવા શહેરના પાગલ દેવને શિયાળાની આવી કડકડતી ઠંડી થી બચી શકે તે માટે આશરે ૩૦ થી ૩૫ ધાબળા નું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતુ

માનસિક સંતુલન ગુમાવનારા લોકોને ગરમ ધાબળા અને ચા પાણી ની સેવા સંત અમરમાં ટીફીન સેવાના કિરીટભાઈ બારોટ દ્વારા કરવામાં આવી હતી

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

## મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા

# ડૉ આંબેડકર ને શ્રદ્ધાંજલિ આપવા ઑન લાઈન કવિ સંમેલન યોજાશે

વિશ્વ મહા માનવ ભારતના સંવિધાન ના રચયિતા ડૉ બાબા સાહેબ આંબેડકર ની પુણ્ય તિથિ નિમિત્તે તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ સવારે ૯ વાગ્યે ગુજરાતી કવિ સંમેલન મહાત્મા ગાંધી સાહિત્ય મંચ પર ઑન લાઈન આયોજિત કરવામાં આવેલ છે જેમાં ગુજરાત અને ભારત ના તમામ પ્રદેશ માં થી કવિ ઓ જોડાઈ ને પોતાની આંબેડકર વિશે રચના પ્રસ્તુત કરી ડૉ બાબા સાહેબ આંબેડકર ને શ્રદ્ધાંજલિ અર્પિત કરશે

સંસ્થા ના અધ્યક્ષ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ સામાજિક કાર્યકર હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક છે. તેઓએ ડૉ બાબા સાહેબ આંબેડકર ને શ્રદ્ધાંજલિ આપવા હેતું હિન્દી ભાષા માં પણ કવિ સંમેલન ઑન લાઈન સાંજે ચાર વાગ્યે આયોજિત કરવામાં આવેલ છે. જેનું ઉદ્ઘાટન ગાંધીનગર મહાનગર બીજેપી ના નવ નિયુક્ત અધ્યક્ષ શ્રી રુચિર ભટ્ટ ના કર કમળો થી કરવામાં આવશે. ડૉ બાબા સાહેબ આંબેડકર ને આ રીતે કવિ સંમેલન દ્વારા શ્રદ્ધાંજલિ આપવા માટે નો સૌ પ્રથમ પ્રયાસ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે.


ડૉ ગુલાબચંદ પટેલ.
અધ્યક્ષ
મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર .

## પોલીસતંત્રે હાશકારો અનુભવ્યો....કોરોના સંક્રમણનો ભય ઘટ્યો

# કોઈ પણ વ્યક્તીએ દારૂ પીધેલો છે કે નહીં તે ચકાસવા મોઢું નહીં સૂંઘે પોલીસ

અરવલ્લી બ્યુરો મોડાસા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના પોકળ દાવાઓ થઈ રહ્યા છે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ થવાની સાથે સવાર-સાંજ દારૂના અડ્ડાઓ પર નશેડીઓની જમાવટ જોવા મળતી હોય છે અને દારૂના નશામાં બેફામ બનતા હોય છે વર્ષોથી પોલીસને જો કોઈ દારૂ પીધેલા ને પકડવા હોય તો પ્રાથમિક રીતે તેનું મો સુંઘવાની પદ્ધતિ ચાલી આવે છે, જેથી તે નશો કરેલ હાલતમાં છે કે તેનું પ્રાથમિક અંદાજ આવી શકે છે, હા કેટલાક જિલ્લાઓમાં પોલીસ પાસે બ્રીથ એનેલાઈસર મશીનો પણ છે જેનાથી પોલીસ સામેવાળાને ફૂંક મારાવાનું કહે છે અને નશો કરેલ છે કે કેમ તે જાણે છે, પણ કોરોના કાળમાં મો સુંઘવું કે પછી બ્રીથ એનેલાઈઝર મશીનનો ઉપયોગ જોખમી પુરવાર થઈ શકે છે માટે આ બાબતને ધ્યાને લઈને રાજ્ય પોલીસ વડા દ્વારા પોલીસને આ કામગીરી હાલ નહીં કરવા જણાવ્યું છે. જે કચેરી આદેશ જારી કરાયો છે તેમાં કહેવાયુ છે કે, નશાબંધી અધિનિયમ હેઠળ દારૂ અને કેફી પીણાનો નશો કરેલા વ્યક્તિઓ વિરૂધ્ધ કાર્યવાહી કરતી વેળાએ તેના શરીરની સ્થિતિનું પંચનામું કરવાનું હોય છે. એ વખતે વ્યક્તિના મોંઢામાંથી દારૂ કે કેફી પીણાની વાસ આવે છે કે કેમ? તે તપાસવા મોંઢુ સૂંઘવામાં આવે છે, આંખ લાલ છે કે કેમ? શરીરનું સંતુલન જળવાય છે કે કેમ? જીભ લથડિયા ખાય છે કે કેમ? તેવી બાબતોની ચકાસણી કરવાની હોય છે. પરંતુ, આવી વ્યક્તિઓ કોવિડ-૧૯ના વાઈરસથી ચેપગ્રસ્ત હોઈ શકે છે અને એથી મોંઢુ સૂંઘવાથી તપાસ કરનારને પણ ચેપ લાગી શકે છે. આથી, જયાં સુધી બીજો કોઈ આદેશ ન થાય ત્યાં સુધી શરીરની સ્થિતિના પંચનામા માટે મોંઢું સૂંઘવાનું બંધ કરવાનું રહેશે



શ્રદ્ધાંજલી

સ્વ. શ્રી રાજેશભાઈ આર. રાવલ
ટ્રસ્ટી, ઔદિચ્ય પ્રગતિ મંડળ-પાટણ
જન્મ તા. ૨૫-૦૪-૧૯૪૭ સ્વ. તા. ૨૮-૧૧-૨૦૨૦

આપની અલવિદાથી શ્રી ઔદિચ્ય પ્રગતિ મંડળ ખૂબ જ વ્યથિત છે. શીવચરણોમાં આપનું સ્થાન રહે તે પ્રાર્થના. આપને શ્રી ઔદિચ્ય પ્ર. મંડળ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે. આપની મંડળ અને સમાજ પ્રત્યેની કર્મનિષ્ઠા યાદગાર રહેશે. ઔદિચ્ય પ્રગતિ મંડળ અને સમાજ હંમેશા આપનો ઋણી રહેશે.

લિ. શ્રી ઔદિચ્ય બ્રહ્મસમાજ પાટણ તળ
(ઔદિચ્ય પ્રગતિ મંડળ-પાટણ)

| | |
|---|---|
| સુહાસભાઈ ત્રિવેદી (મંત્રી) | સાગરભાઈ આચાર્ય (પ્રમુખ) |
| હિરેનભાઈ આચાર્ય (સહમંત્રી) | શૈલેષભાઈ જાની (ઉપપ્રમુખ) |
| દક્ષેશભાઈ પાધ્યાય (સહમંત્રી) | શરદભાઈ આચાર્ય |
| | નયનભાઈ આચાર્ય (સંગઠન સહાયક) |

## સતત ત્રીજી ટર્મ માટે સર્વાનુમતે

# ઈફસમન દિલ્હીના સેક્રેટરી જનરલ પદે લક્ષ્મણ પટેલ ચૂંટાયા

ગાંધીનગર

ઈન્ડીયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ ન્યુઝ પેપરર્સ, નવી દિલ્હી. છેલ્લા ૩૫ વર્ષથી અખબારો અને ભારત સરકાર તેમજ રાજ્ય સરકાર વચ્ચે સેતુ રુપે કાર્ય કરતી સંસ્થા છે. જેમાં દરેક રાજ્યમાં રાજ્ય કક્ષાની બોડી ધરાવે છે જે સંસ્થાના સભ્યશ્રીઓ ભારત સરકાર તેમજ રાજ્ય સરકારોમાં વિવિધ કમિટીઓમાં સ્થાન મળેલ છે.



શ્રી લક્ષ્મણ પટેલ (રાષ્ટ્રીય મહામંત્રી)

IFSMN New Delhi



શ્રી બી. જી. વિજય (રાષ્ટ્રીય પ્રમુખ)

આ સંસ્થામાં રાષ્ટ્રીય પ્રમુખ તરીકે શ્રી બી. જી. વિજય (કર્ણાટક) તેમજ રાષ્ટ્રીય મહામંત્રી તરીકે શ્રી લક્ષ્મણ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. શ્રી લક્ષ્મણ પટેલ અખબારી ક્ષેત્રે યાત્રા અભ્યાસ કાળથી શરૂ કરેલી જે આજે અનેક અખબારોના તંત્રી છે. જેઓએ ભારતભરના અખબારો તંત્રીશ્રીઓનો વિશ્વાસ કેળવેલ હોવાથી ઈફસમનમાં સતત ત્રીજી ટર્મ માટે સેક્રેટરી જનરલ પદે સર્વાનુમતે ચૂંટા છે જેઓએ અખબાર માટે સતત ચિંતીતી રહીને અનેક રાજ્યમાં તેમજ ભારત સરકારમાં અનેક રજૂઆત કરેલ તેનો સકારાત્મક અખબારો માટે પ્રતિભાવ મળેલ હતો. અનેક અખબારી તેમજ સહકારી અને સામાજીક સંસ્થાઓમાં વિવિધ પદો ઉપર સેવા આપી રહ્યા છે.

શ્રી લક્ષ્મણ પટેલે સતત ત્રીજી વખત ઈફસન જેવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થામાં સર્વાનુમતે ચૂંટાઈને ગુજરાતનું તેમજ સમગ્ર મિડીયા જગતનું ગૌરવ વધારેલ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.